dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue - 64 | AD - 2024, Magashirsha Sud - 06 | Saturday, Dt.07-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







## સાંસદ અભિષેક મનુ સિંઘવીએ નોટોના બંડલ મળવા બાબતે પોતાને દૂર રાખ્યા

# રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદની બેઠક નીચેથી નોટોનું બંડલ મળ્યુ

નવીદિલ્હી,તા.૬



રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીની સીટ નીચેથી ચલણી નોટોના બંડલ મળવાનો મામલો સામે આવ્યો છે. વાસ્તવમાં, ગઈ કાલે રાજ્યસભામાં તપાસ દરમિયાન, સુરક્ષા અધિકારીઓને અભિષેક મનુ સિંઘવીની સીટ નીચેથી નોટોનો એક વાડ મળ્યો હતો. આ મુદ્દે આજે રાજ્યસભામાં ભારે હોબાળો થયો હતો. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું, "હું સભ્યોને જણાવવા માંગુ છું કે ગઈકાલે ગૃહ સ્થગિત થયા પછી ગૃહની નિયમિત તપાસ દરમિયાન, સુરક્ષા અધિકારીઓએ સીટ નંબર ૨૨૨ પરથી ચલણી નોટોના બંડલ જપ્ત કર્યા, તેમણે કહ્યું હતું કે આ બેઠક અભિષેક મનુ સિંઘવીની છે. હાલમાં તેઓ તેલંગાણામાં છે. તેમણે કહ્યું કે આ બાબતની તપાસ સોંપવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે એ સ્પષ્ટ નથી કે આ નોટ અસલી છે કે નકલી. કોંગ્રેસ અધ્યક્ષ અને ગૃહમાં પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ અધ્યક્ષને કોઈ એક પક્ષ સાથે જોડવા પર સવાલ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે જ્યારે ઘટનાની તપાસ થશે ત્યારે સ્પષ્ટ થશે કે દોષિત કોણ છે, પરંતુ અત્યારે કોઈને સીધો દોષ આપવો યોગ્ય નથી. હું વિનંતી કરું છું કે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય અને ઘટનાની સત્યતા સ્થાપિત ન થાય ત્યાં સુધી કોઈપણ સભ્યનું નામ જાહેર કરવામાં ન આવે. તેના પર અધ્યક્ષે કહ્યું કે તેમણે માત્ર સીટ નંબર વિશે માહિતી આપી છે અને તેને કોઈ ખાસ પાર્ટી સાથે જોડ્યું નથી. રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું, "આ ઘટના ખૂબ જ અસાધારણ છે. તેનાથી ગૃહની ગરિમાને ઠેસ પહોંચી છે. સાહેબ, મને તમારા નિર્ણય પર વિશ્વાસ છે કે વિગતવાર તપાસ કરવામાં આવશે. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે આ મામલો અદાણીને બચાવવા માટે ઉભો કરવામાં આવ્યો છે. આ મામલે કોંગ્રેસના સાંસદ અને એડવોકેટ અભિષેક મનુ સિંઘવીનું નિવેદન પણ આવ્યું છે. તેમણે કહ્યું કે તેમણે આજ સુધી તેના વિશે ક્યારેય સાંભળ્યું નથી. હું જ્યારે પણ રાજ્યસભામાં જાઉં છું ત્યારે મારી સાથે ૫૦૦ રૂપિયાની નોટ લઈ જઉં છું. મેં તેના વિશે પહેલીવાર સાંભળ્યું. હું ૧૨:૫૭ વાગ્યે ગૃહમાં પહોંચ્યો હતો, પછી હું ૧:૩૦ સુધી કેન્ટીનમાં બેઠો અને પછી સંસદમાંથી નીકળી ગયો.

બીજી તરફ સીટ નજીકથી ચલણી નોટોનો ડબ્બો મળી આવતાં દેશમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. અભિષેક મનુ સિંઘવીએ આ સમગ્ર મામલાથી પોતાને દૂર રાખ્યા છે. રાજ્યસભાના અધ્યક્ષે કહ્યું છે કે સમગ્ર મામલાની તપાસ કરવામાં આવશે. જો કે આ પહેલીવાર નથી જ્યારે સંસદમાં ચલણી નોટોનો અવાજ સંભળાયો હોય. આ પહેલા પણ બે વખત ભારતની સંસદ ચલણી નોટોના કારણે ચર્ચામાં રહી છે.




## રાષ્ટ્રપતિમુર્મુ, પીએમમોદીસહિતદિગ્ગજ નેતાઓએ ડો.આંબેડકરને શ્રધ્ધાંજલિ અર્પણ કરી



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૬૯મી પુણ્યતિથિ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદી સહિત અનેક રાજકીય હસ્તીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભુવનેશ્વરમાં એજી સ્ક્વેરની મુલાકાત લીધી અને બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પછી તે એરપોર્ટ જવા રવાના થઈ ગયા હતા. તે જ સમયે, રાષ્ટ્રપતિ મુર્મુએ તેમના ગૃહ જિલ્લા મયુરભંજની મુલાકાત લેવાની પણ યોજના બનાવી છે.

મોદીએ શુક્રવારે બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે આજે જ્યારે દેશ તેમના યોગદાનને યાદ કરી રહ્યો છે, ત્યારે તેઓ ફરી એકવાર તેમના વિઝનને સાકાર કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે. "મહાપરિનિર્વાણ દિવસ પર, અમે આપણા બંધારણના ઘડવૈયા અને સામાજિક ન્યાયના પ્રતિક એવા ડો. બાબાસાહેબને નમન કરીએ છીએ," એમ તેમણે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

પીએમ મોદીએ કહ્યું, "સમાનતા અને માનવીય ગૌરવ માટે જેમ આપણે તેમના યોગદાનને યાદ કરીએ છીએ, તેમ અમે તેમના વિઝનને પરિપૂર્ણ કરવા માટેની અમારી પ્રતિબદ્ધતાને પણ પુનરાવર્તિત કરીએ છીએ." આ પોસ્ટ આ વર્ષની શરૂઆતમાં મુંબઈમાં ચૈત્ય ભૂમિની તેમની મુલાકાતના ફોટા સાથે હતી.









# સાવરકુંડલામાં વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્ય વય વંદના કાર્ડ અને રેશન કાર્ડ કેમ્પનું આયોજન

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના વોર્ડ નંબર પાંચના નાગરિકો માટે સરકારી સુવિધાઓને ઘર આંગણે પહોંચાડવાનો એક ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ ભાજપ કાર્યકર્તા લલીતભાઈ મારૂ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે આયુષ્ય વય વંદના કાર્ડ અને રેશનકાર્ડ ધારકો માટે ઈ-KYC કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ હાથસણી રોડ, રામદેવપીર મંદિર, વિશ્રામબાપુની જગ્યા ખાતે યોજાયો હતો.



આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો અને રેશનકાર્ડ ધારકોએ ભાગ લઈને આ સુવિધાનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક મહંત અરવિંદબાપુ અને રસિકબાપુનો પણ સહયોગ રહ્યો હતો.

# રાજુલાના ધાતરવડી ડેમની સિંચાઈ બેઠકમાં ભરડીયા બંધ કરાવવા ખેડૂતોની રજૂઆત

રાજુલા,તા.૦૬

રાજુલા તાલુકાના ધાતરવડી ડેમ ૧ની સામે આવેલ ભરડીયાઓ ધમધમી રહ્યા છે. અહીં રાત-દિવસ બ્લાસ્ટિંગ કરી મહાકાય પથ્થરો બહાર કાઢવામાં આવે છે. જેના કારણે બાજુમાં રહેલ ધાતરવડી ડેમને સીધું નુકસાન થઇ રહ્યું છે. આ ડેમ તાલુકામાં આવેલા ભાક્ષી, ધારેશ્વર, વાવેરા, મોટા આગરીયા, દીપડીયા, માંડરડી આસપાસના ગામડાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે. પરંતુ ભરડીયાઓમાં બ્લાસ્ટિંગ થવાના કારણે ડેમ ઉપર જોખમ ઉભું થયું છે. ધાતરવડી ડેમ વર્ષો જૂનો હોવાને કારણે ખેડૂતો તેને નુકસાન અટકાવવા માટે ભરડીયાનો વિરોધ કરી કલેકટર, ખાણ ખનીજ વિભાગ, ધારાસભ્ય, મુખ્યમંત્રી સુધી રજૂઆતો કરી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી.આજે રાજુલામાં આરામ ગૃહ ખાતે સિંચાઈ વિભાગના અધિકારીઓ અને સમિતિના સદસ્યો સાથે પાણી બાબતે બેઠક યોજાઇ હતી. જેમાં આ ગામોના ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. આ સમિતિની બેઠકમાં ખેડૂતો



દ્વારા ભરડીયા બંધ કરવા સિંચાઈ વિભાગ સમક્ષ ઠરાવ કરવા માટેની રજૂઆતો કરવામાં આવી હતી જેમાં ભરીડીયામાંથી નીકળતું દૂષિત પાણી ધાતરવડી નદીમાં જઇ રહ્યું છે, ઉપરાંત માટી ડેમમાં જઇ રહી છે. હાલ સ્થળ તપાસ કરવા માટેની પણ રજૂઆત કરવામાં આવી છે. હાલ સિંચાઈ વિભાગના અધિકારીઓએ ભરડીયા સ્થળની મુલાકાત લઈને નોટિસ આપવા માટેની ખાતરી આપી છે. આવનારા દિવસોમાં ભરડીયા બંધ નહિ થાય તો ખેડૂતો ઉગ્ર આંદોલન કરી શકે છે તેવી ચીમકી પણ આપવામાં આવી હતી. આ અંગે ધાતરવડી ડેમ ૧ના કાર્યપાલક ઈજનેર અધિકારી એમ.બી. કળસરીયાએ કહ્યું હતું કે, ભરડીયા બંધ કરાવવા માટે ઠરાવ કરવાની ખેડૂતોની મુખ્ય માંગણી હતી. ઉપરાંત પાણી દૂષિત આવી રહ્યાની, ડેમમાં માટી જઈ રહી છે તેવી ફરિયાદ કરી છે આ બાબતે સ્થળ તપાસ કરીશું અને ભરડીયાવાળાને નોટિસ આપીશું.

# રાજુલા ખાતે ડો. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિનની ઉજવણી

રાજુલા,તા.૦૬


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે ૬ ડિસેમ્બરના રોજ ડો. બાબા સાહેબ આંબેડકર નિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રાજુલા, ખાંભા, જાફરાબાદ સમસ્ત મેઘવાળ સમાજ દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી રાજુલા જાફરાબાદના આગેવાનો તેમજ ખાંભા ગામના તમામ આગેવાનોએ બાબાસાહેબને શ્રદ્ધાંજલિ આપેલ હતી. આ કાર્યક્રમમાં કિશોરભાઈ ધાખડા, વકીલ રાઠોડભાઈ, હેમુભાઈ રાઠોડ, અરવિંદભાઈ ખુમાણ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

# લીલીયા તાલુકા ભાજપ દ્વારા ડો. ભીમરાવ આંબેડકરજીને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ

અમરેલી, તા.૦૬

ભારતીય બંધારણના ઘડવૈયા અને સમરસતાના પ્રણેતા 'ભારત રત્ન' ડૉ. ભીમરાવ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ પર લીલીયા તાલુકા ભાજપ પરિવારે આંબેડકર ચોક ખાતે બાબાસાહેબની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપેલ હતી. આ તકે અમરેલી જિલ્લા ભાજપ



ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા તથા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, લીલીયા તાલુકા ભાજપ ઉપપ્રમુખ હસમુખભાઈ પોલરા, બાલાભાઈ ભરવાડ, હિતેશભાઈ પરમાર, તાલુકા ભાજપ મંત્રી જેઠાભાઈ ધારૈયા, લીલીયા તાલુકા પંચાયત સભ્ય કેપ્ટનભાઈ, માલધારી સેલ પ્રમુખ સુખાભાઈ જોગરાણા, અ.જા. મોરચાના મહામંત્રી ભરતભાઈ બગડા, ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલ, પ્રવીણભાઈ ચોપડા, જીવનભાઈ બારૈયા સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રમેશ પારેખ એવોર્ડ કવિ વિનોદ જોશીને અર્પણ કરવામાં આવશે

અમરેલી,તા.૦૬

અમરેલી રમેશ પારેખ સાહિત્ય વર્તુળ દ્વારા હરિબાપાની સ્મૃતિમાં પ્રતિવર્ષ સત્વશીલ કાવ્યસર્જન માટે ગુજરાતી ભાષાનાં કોઈ એક કવિને અપાતો કવિવર રમેશ પારેખ એવોર્ડ ૨૦૨૪ એ ગુજરાતી ભાષાના પ્રખ્યાત કવિ વિનોદ જોશીને આપવામાં આવશે. જે આગામી ૧૪મી ડિસેમ્બરના રોજ અમરેલી



ખાતે અર્પણ કરવામાં આવશે. રમેશ પારેખ વર્તુળના પ્રમુખ હરજીવન દાફડા, મંત્રી રોહિત જીવાણીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા "આયુષ્માન વય વંદના કાર્ડ" કેમ્પનું આયોજન

અમરેલી, તા.૦૬

અમરેલી વોર્ડ નં.૪ જેસીંગપરા તેમજ આસપાસના નાગરિકો માટે અને વોર્ડ નં.૮ લાઠી રોડ તેમજ આસપાસના લોકોને સરકારી સુવિધાઓ મળી રહે તે માટે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા લોકોને "આયુષ્માન વય વંદના કાર્ડ" તથા રેશન કાર્ડ ધારકો



માટે ઈ-કેવાઈસી કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૦૦થી ૨:૦૦ અને ૨:૩૦થી ૫:૦૦ કલાકે ટાઉન હોલ, નીલકંઠ ચોક, જેસીંગપરા શેરી નં.૩ અમરેલી અને તા.૦૮/૧૨/૨૦૨૪ને રવિવારે, સવારે ૧૦ થી ૨:૦૦ અને ૨:૩૦ થી ૫:૩૦ કલાકે વોર્ડ નં. ૪ના નાગરિકો માટે સરસ્વતી વિદ્યા મંદિર, લાઠી રોડ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ધારાસભ્ય દ્વારા અનુરોધ કરાયું છે.

# જિલ્લામાં ૮ થી ૧૦ ડિસેમ્બર સુધી પોલીયો રાઉન્ડ યોજાશે

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં SNID રાઉન્ડ અંતર્ગત ૦૮ થી ૧૦ ડિસેમ્બર દરમિયાન સઘન પોલીયો રસીકરણનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમરેલી જિલ્લાના ૦ થી ૫ વર્ષના અંદાજીત ૧,૩૨,૬૦૬ બાળકોને ૭૯૭ બુથ ઉપરથી પોલિયો રસીના બે ટીપા પીવડાવવામાં આવશે અને પોલિયોના રોગથી રક્ષિત કરાશે. આ સઘન પોલિયો રસીકરણમાં ૯૦ મોબાઈલ ટીમ અને ૨૭ ટ્રાન્સીટ ટીમ દ્વારા પણ કામગીરી કરાશે, જેથી કોઈ બાળક પોલિયોની રસી પીવડાવવામાં બાકી ના રહી જાય. આ પોલીયો રસીકરણ કાર્યક્રમને સફળ બનાવવા માટે કુલ ૩૫૨૦ જેટલા આરોગ્ય કર્મચારીઓ તેમજ આંગણવાડી કર્મચારીઓ ૧૦૦% બાળકોને રક્ષિત કરવા માટે કામગીરી કરશે.

# રાજુલામાં હોમગાર્ડ સ્થાપના દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

રાજુલા, તા.૦૬

રાજુલા શહેરમાં ૬ ડિસેમ્બર- હોમગાર્ડ સ્થાપના દિવસની હોમગાર્ડ યુનિટ દ્વારા વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે યુનિટ દ્વારા હોમગાર્ડ કચેરીથી મેઈન બજાર પોલીસ સ્ટેશન વિસ્તાર અને શહેરના અન્ય માર્ગ ઉપર પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે યુનિટ દ્વારા રાજુલામાં ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા લોકોને ગરમ ટોપી અને ધાબળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત


તસવીર : ગોપાલ રાઠોડ

યુનિટ દ્વારા રાજુલા મોક્ષધામમાં સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણી કાર્યક્રમમાં સ્ટાફ અને હોમગાર્ડ કમાન્ડર અજય ગોહીલ ખાસ હાજર રહ્યા હતા.

# જાફરાબાદ તાલુકામાં રવી કૃષિ મહોત્સવ યોજાયો

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ તાલુકામાં આજે રવી કૃષિ મહોત્સવનું આયોજન થયેલ. જેમાં અધ્યક્ષ પદે તાલુકા પ્રમુખ બાલાભાઈ કોટડીયા, તાલુકાના ચેરમેન કરશનભાઈ, પ્રમુખ દીપુભાઈ તથા તાલુકાના મામલતદાર તથા વિભાગના નિવૃત્ત અધિકારી તથા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો તથા કૃષિ, બાગાયત, પશુપાલન વગેરે વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ તથા વિશાળ


તસવીર : બાબુભાઈ વાઢેળ

સંખ્યામાં અનેક ખેડૂત ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહેલ. કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને હાલ નવી ઋતુ માટે પાકની વાવણી કરવા અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરવા માટે તેમના અનુભવો તેમને ખેડૂતોને જણાવ્યા હતા. વિવિધ અધિકારીઓ દ્વારા પણ કૃષિ અને કૃષિ સહાયને લગતું માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ તથા ખેડૂતોને વેચાણ કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે, જે પ્રાકૃતિક કૃષિમાં જરૂર પડતી હોય એવા આયામો માટેનું લાઈવ ડેમોસ્ટ્રેશન પણ રાખવામાં આવેલ છે અને આ ઉપરાંત જે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરે છે તેમના મોડલ ફાર્મની મુલાકાત પણ કરવામાં આવશે.

# સાવરકુંડલા દોશી ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓને સાયકલ વિતરણ કરાયુ

અમરેલી,તા.૦૬

સાવરકુંડલા એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સરસ્વતી સાધના સહાય યોજના અંતર્ગત ચાલુ વર્ષ ૨૦૨૩ - ૨૪માં ધોરણ ૯માં અભ્યાસ કરતી શાળાની વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવામાં આવી હતી. આ યોજનાનો ગર્લ્સ હાઈસ્કૂલની ૨૦૬ જેટલી વિદ્યાર્થિનીને લાભ મળ્યો હતો. સરસ્વતી સાધના સહાય યોજના અંતર્ગત વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ વિતરણ કરવામાં આવતા ખુશીનો માહોલ છવાયો હતો. શાળાના



વહીવટી વિભાગ તેમજ શિક્ષકો અને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાના હસ્તે વિદ્યાર્થિનીઓને સાયકલ વિતરણ કરવામાં આવી હતી. આ યોજનાનો ગર્લ્સ હાઈસ્કૂલની ૨૦૬ જેટલી વિદ્યાર્થિનીને લાભ મળ્યો હતો. સરસ્વતી સાધના સહાય યોજના અંતર્ગત વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ વિતરણ કરવામાં આવતા ખુશીનો માહોલ છવાયો હતો. શાળાના વહીવટી વિભાગ તેમજ શિક્ષકો અને શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયાના હસ્તે વિદ્યાર્થિનીઓને સાયકલ વિતરણ કરાઈ હતી.









### ખેડૂત લાભાર્થીઓને આશરે રૂ.૧.૧૦ કરોડના સહાય મંજૂરી પત્રો અપાયા

# ચાડીયા ગામે ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે રવી મહોત્સવનો પ્રારંભ

અમરેલી,તા.૦૬

અમરેલીના ચાડીયા ગામે યોજાયેલા રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમનો પ્રારંભ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઇ વેકરીયાએ દીપ પ્રાગટ્ય કરી રવી કૃષિ મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. રવી કૃષિ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓમાં ખેડૂત લાભાર્થીઓને આશરે રુ.૧.૧૦ કરોડના સહાય મંજૂરી પત્રો અને રુ.૨૩ લાખના પૂર્વ મંજૂરી વર્ક ઓર્ડરનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. અમરેલી પ્રાંત અધિકારી મહેશ નાકિયા, અમરેલી જિલ્લા ખેતવાડી અધિકારી કાનાણી, ગામ અગ્રણીઓ સહિત મહાનુભાવોના હસ્તે ખેડૂતોને નેનો યુરિયાનું





વિતરણ કરવામાં આવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિક પ્રજાપતિએ, પ્રાકૃતિક કૃષિમાં વનસ્પતિ આધારિત દવાઓનું નિર્માણ, ખેતીમાં મૂલ્યવર્ધન થકી વધુ આવક વિશે માર્ગદર્શન આપ્યું હતું. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક જે. એલ. સાંગાણીએ, કૃષિ ઉત્પાદન વધારવા ચાવીરુપ પ્રયાસો વિશે જણાવ્યુ હતું. જિલ્લાભરમાં યોજાયેલા રવી કૃષિ કાર્યક્રમમાં પશુ આરોગ્ય મેળો પણ યોજાયો હતો. કાર્યક્રમમાં નાગરિકો માટે ફાર્મર રજિસ્ટ્રી અને ઇ-કેવાયસી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી. પશુપાલન પ્રદર્શન અને કૃષિ પ્રદર્શની યોજાઈ હતી. મિલેટ્સનું મહત્વ સમજાવતી અને ખેતીમાં ઉપયોગી અદ્યતન ટેકનોલોજી વિષયક ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ચાડીયા ખાતેના કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત અને કાર્યક્રમની રુપરેખા જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણીએ અને આભાર વિધિ તાલુકા વિકાસ અધિકારી જયેશ કટેશિયાએ કરી હતી. રવી કૃષિ મહોત્સવમાં ચાડીયા અને આજુબાજુના ગામના ખેડૂત ભાઈ-બહેનો હાજર રહ્યાં હતા.

## લાઠી તાલુકાના ટોડા ગામે કારચાલકે બાઈકચાલકને અડફેટે લેતા ગંભીર ઈજા

અમરેલી,તા.૦૬

લાઠી નજીક આવેલા ટોડા ગામ પાસે એક કારચાલકે બેફામ કાર ચલાવી એક બાઈકચાલકને અડફેટે લેતા બાઈકચાલકને ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ટોડા ગામના કાન્તીલાલ વલ્લભભાઈ સાંગાણીએ લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીના કાકા યોગેશભાઈ વલ્લભભાઈ સાંગાણી રહે. ટોડાવાળા સાથે એક સફેદ કલરની કાર પુરઝડપે આવી બાઈકચાલક યોગેશભાઈ સાથે અકસ્માત સર્જ્યો હતો. જેથી યોગેશભાઈના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી તેમજ ડાબી બાજુનો કાન તૂટી ગયેલ હોય અને દાંત પડી જવાથી તાત્કાલિક તેમને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી કારચાલક નાસી છુટતા પોલીસે નાસી છુટેલા કારચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## લીલીયા સરકારી વિનયન કોલેજ ખાતે ડો. આંબડેકરના નિર્વાણ દિનની ઉજવણી

લીલીયા, તા.૦૬

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા મોટા ખાતે તા.૬ના રોજ મહાપરિનિર્વાણ દિવસ મનાવવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન



તરીકે સામાજિક આગેવાન અને એડવોકેટ સંજયભાઈ બગડા, પ્રકાશભાઈ પરમાર અને હંસાબેન દાનજીભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંજયભાઈ બગડાએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે " ડૉ. બાબાસાહેબ આંબેડકર વ્યાપકપણે વણસંભળાયેલા લોકોની ચિંતાઓ, તેમના સશક્તિકરણ અને તેમના માટે અવાજ ઉઠાવવા અને તેમના અધિકારો માટે લડવા માટે જાણીતા છે. સમગ્ર કાર્યક્રમના અંતે બે મિનિટનું મૌન પાળીને ડૉ. બાબાસાહેબ આંબેડકરના આત્માને શાંતિ મળે એ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

## સાવરકુંડલાના ખેલાડીએ જાપાનમાં અંડર-૧૨ બેઝબોલ સ્પર્ધામાં ભાગ લીધો

સાવરકુંડલા,તા.૦૬



સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળનો વિદ્યાર્થી પરમ ચુડાસમા જાપાનમાં અંડર-૧૨ બેઝબોલની સ્પર્ધામાં ઈન્ડિયન ટીમ તરફથી રમીને ૩ ડિસેમ્બરે પરત આવ્યો ત્યારે તેનું શાળા અને પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે ગુરુકુળના પ્રિન્સિપાલ વ્યાસ, શ્રી સ્વામિનારાયણ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલના પ્રિન્સિપાલ વૈશાલીબેન, સ્ટાફ મિત્રો, શાળાના પીટી ટીચર દિગ્વિજયસિહ ઝાલા, વાળા દિપકભાઈ અને બેઝબોલના તમામ ખેલાડીઓ દ્વારા રિદ્ધિ સિદ્ધિ ચોકમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

## લીલીયા મોટા ખાતે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



લીલીયા, તા.૦૬

લીલીયા મોટા ખાતે આયુષ્યમાન ભવ: અભિયાન અંતર્ગત સામૂહિક આરોગ્ય કેન્દ્ર મોટા લીલીયા ખાતે વિનામૂલ્યે સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીના નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા સેવા આપવામાં આવી હતી. આ કેમ્પમાં બાળરોગ નિષ્ણાંત ડો.યોગેશ દવે, એમ.ડી.ફિઝિશ્યન ડો.ધાનાણી, સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડો.પટોલીયા, જનરલ સર્જન ડો.ધ્રુવીબેન, દાંતના ડો.વૈશાલીબેન, કાન નાક ગળાના ડો.તુષાર શર્મા, આંખના ડો.વિશાલ ઢોલા, માનસિક રોગોના નિષ્ણાંત ડો.શાર્દુલ સોલંકી, સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.રાકેશ ખીમાણીએ સેવા આપી હતી. કેમ્પમાં લીલીયાના મામલતદાર કે.બી. સાંગાણી, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભીએ શુભેચ્છા મુલાકાત લીધેલ અને સ્ટાફની કામગીરીને બિરદાવી હતી. આ કેમ્પમાં બહોળી સંખ્યામાં જરૂરીયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો.



















મધ્યપ્રદેશમાંથી કાર ભાડે કરી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં લગ્નપ્રસંગમાં ઘૂસી ચોરી કરતા હતા

# અમરેલીમાં લગ્નપ્રસંગમાં આવી દાગીનાની ચોરી કરનાર ઝડપાયો

અમરેલી,તા.૦૬

હાલ લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે લગ્નપ્રસંગમાં સુટબુટમાં સજ્જ બની તસ્કરો પણ આંટાફેરા કરી સોનાના દાગીનાની લૂંટ કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આવી જ એક ઘટના અમરેલીમાં બનવા પામી છે. અમરેલીના કેરીયા રોડ પર રહેતા રાજેશભાઈ હરીભાઈ રેણુકાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૨૫ના રોજ લાઠી રોડ પર આવેલ ગણેશ પાર્ટી પ્લોટમાં દીકરીનો લગ્ન પ્રસંગ હોય ત્યારે કન્યાદાનમાં આપવા માટે સોનાના દાગીના કિં.રૂ.૨.૬૩ લાખ પોતાની પત્ની પાસે રાખેલ હોય ત્યારે કોઈ અજાણ્યો ચોર પત્નીની નજર ચુકવી દાગીના લઈ નાસી ગયો હતો જે અંગે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી. આ ઘટનાની ગંભીરતા લેતા પોલીસે ગણેશ પાર્ટી પ્લોટ પાસેના સીસીટીવી ફુટેજ તપાસ્યા હતા અને શકમંદ ઈસમોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જેમાં પેટ્રોલીંગ દરમિયાન પોલીસે શંકાસ્પદ ઈસમને સોના-ચાંદીના દાગીના સાથે પકડી પાડી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ વિકાસ શકલરામ સાંસી રહે. મુંગાવલી, જિ.રાજગઢ મધ્યપ્રદેશ હોવાનું જણાવ્યું હતું. ચાર આરોપીએ પોતાના ગામથી કાર ભાડે કરી ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં આંટા મારી જયાં લગ્નપ્રસંગ હોય ત્યા ઘૂસી મહેમાનોનું ધ્યાન ભટકાવી સોનાના દાગીના, પર્સની ઉઠાંતરી કરી નાસી જતા હતા. હાલ પોલીસે આરોપી પાસેથી રૂા.૧૪.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.



### એક દિવસમાં બે સ્થળોએ ચોરીની કબુલાત

લગ્નપ્રસંગમાં સગીર સાથે ઘૂસી ચોરી કરનાર આરોપી વિકાસે કબુલાત આપી હતી કે ગત તા.૨૫ના રોજ સવારે જૂનાગઢમાં એક લગ્નમાંથી ચોરી કરી હતી અને સાંજે અમરેલી આવી લગ્નપ્રસંગમાં ઘૂસી મહેમાનોની નજર ચુકવી ચોરીને અંજામ આપ્યો હતો.

### ત્રણ જિલ્લામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

પોલીસે ઝડપેલા પરપ્રાંતીય વિકાસ સાંસીની પૂછપરછ કરતા આરોપી વિકાસે આણંદ, જૂનાગઢ અને અમરેલીમાં ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. અમરેલીમાં થયેલી ચોરીમાં આરોપી વિકાસની સાથે મનીષ ગોકુળપ્રસાદ સિસોદીયા, ધન્ના રામબી સિસોદીયા અને વિશાલ હીરો સિસોદીયા સાથે મળીને ચોરી કરી હતી. જો કે હજુ ત્રણ આરોપીઓ પોલીસ પકડથી દૂર હોવાથી પોલીસે તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## બાઢડા ગામ પાસે અજાણ્યા વાહનની અડફેટે પ્રૌઢનું મોત

**પોલીસે અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરી**

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં માતેલા સાંઢની જેમ બેફામ વાહનો દોડી રહ્યાં છે. વાહનચાલકો બેફિકરાઈભર્યુ વાહન ચલાવી અકસ્માત નોતરતા હોવાથી આવા વાહનચાલકો માટે પોલીસને કડક કાર્યવાહી કરવાની જરૂર છે. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે રહેતા દિનેશભાઈ ટાભાભાઈ વેગડા વિરાણી હાઈસ્કૂલ પાસે ચાલીને જતા હતા ત્યારે અજાણ્યા વાહનચાલકે તેમને અડફેટે લીધા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન પ્રૌઢનું મોત થયુ હતું. જેથી મૃતકના ભાઈ કનુભાઈએ અજાણ્યા વાહનચાલક સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અમરેલીની કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગમાં વિશ્વ જમીન દિવસની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૦૬

તા. ૫ ડિસેમ્બરે, વિશ્વ જમીન દિવસની ઉજવણી ગુજરાત નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીના માન. કુલપતિના માર્ગદર્શન હેઠળ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી ખાતે ધામધૂમથી ઉજવવામાં આવી. કોલેજના વિદ્યાર્થીઓએ જમીનના મહત્વ અને સંરક્ષણ વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના આચાર્ય ડો. એસ. પી. દેશમુખે વિદ્યાર્થીઓને જમીન દિવસની ઉજવણીનું મહત્વ સમજાવ્યું હતું. અંતે, સર્વે વિદ્યાર્થીઓએ જમીન સંરક્ષણ કરવાનો સંકલ્પ લીધો હતો. કોલેજના સહયોગી ભાવિક ગોંડલીયા, પ્રિયંકાબેન જાગાણી અને અન્ય સ્ટાફ ગણોએ આ કાર્યક્રમનું સુંદર આયોજન કર્યુ હતું.



## સા.કુંડલાનાં પીઠવડી સબસ્ટેશન ખાતેથી વીજ વાયરની ચોરી

**પીજીવીસીએલનાં અધિકારીએ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં તસ્કરો હવે સીમ ચોરીની સાથે વીજ વાયરની ચોરી પણ કરી રહ્યા છે. ૬૬ કે.વી. સબસ્ટેશનમાંથી ચાલુ વીજ પ્રવાહ દરમિયાન એક અજાણ્યા ઈસમે ત્રણ વીજ વાયર કાપી ચોરી કરી નાસી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. સાવરકુંડલાનાં વીજ અધિકારી ચિરાગ દિનેશભાઈ નકુમે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, પીઠવડી ૬૬ કે.વી. સબસ્ટેશન ખાતેથી વીજ ગ્રાહક જયસુખભાઈ બાબુભાઈ રીબડીયાની વાડીએ જતાં વીજ કનેકશનનાં ચાલુ ટેપીંગ લાઈનમાંથી ત્રણ વાયરવાળી ઈલેવન કે.વી. આશરે ૧૪ વીજપોલનો વાયર કિં.રૂા.૧.૧૯ લાખ કાપીને અજાણ્યો ઈસમ લઈ ગયો છે.

## ખાંભામાં ગ્રેજ્યુઈટી ચુકવણી અને વજન કાંટા વિતરણનો કાર્યક્રમ યોજાયો

ખાંભા, તા.૦૬

ખાંભામાં તાલુકા પંચાયત દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ આઈ.સી.ડી.એસ. શાખા આયોજિત ગ્રેજ્યુઈટી ચુકવણી તથા વજન કાંટા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કાર્યક્રમના અધ્યક્ષ નીતાબેન અરવિંદભાઈ ચાવડા, કાળુભાઈ ફિંડોલીયા, તાલુકા પંચાયત પ્રમુખ હમીરભાઈ ભરવાડ, મુકતાબેન સરવૈયા, મુકેશભાઈ માંગરોળિયા, ઉપેન્દ્રભાઈ બોરીસાગર, તાલુકા ભાજપ આગેવાનો અને તાલુકા પંચાયતના સભ્યો અને લાભાર્થી બહેનો ઉપસ્થિત રહેલ હતા.



## શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તેજદાન ગઢવીનો લોકડાયરો યોજાયો

અમરેલી, તા.૦૬

અમરેલીની નિવાસી વિદ્યાલય શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં પ્રખ્યાત લોકગાયક તેજદાન ગઢવીનો કાર્યક્રમ યોજાયો હતો. પોતાની આગવી શૈલીની ગાયકીથી તેજદાને વિદ્યાર્થીઓને ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં દિનેશભાઈ ભુવા, ડો. પિયુષ ગોસાઈ, ડો. રાજુ કથિરીયા, જીતુભાઈ દેસાઈ, ડો. નીતિન ત્રિવેદી, ડો. નરેન્દ્ર સોજીત્રા, શ્રીજી વિદ્યાર્થી ભુવનનાં સંચાલક દંપતી વિલાસબેન તેમજ દીપકભાઈ વઘાસિયા, બાળ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણને સાંસ્કૃતિક લોકગીતોનો જલસો કરાવ્યો હતો.



## અમરેલીમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શકુનીઓ ઝડપાયા

અમરેલી, તા.૦૬

અમરેલીમાં પોલીસનો કોઈ ડર ન હોય તેમ જુગારીઓ જાહેરમાં જુગાર રમતા ગભરાતા નથી. અમરેલીમાંથી જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડયા હતા. પોલીસને જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી મળતા પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા જાહેરમાં જુગાર રમી રહેલા જીતુ જગા પરમાર, બ્રિજેશ લાલારામ નિષાદ અને પંકજ લલ્લુ પરમાર નામના ઈસમને ઝડપી લીધા હતા. પોલીસે જુગાર સ્થળેથી રૂા.૧૩૫૦ની રોકડ રકમ કબ્જે કરી હતી અને ત્રણેય આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ્ઠ
તા. ૦૭-૧૨-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૭:૦૧,
સૂર્યાસ્ત-૦૫:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૭-૧૨-૨૦૨૪ શનિવાર

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશો. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે, ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાથી ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**

# કેનેડા યુએસ સરહદ પર અતિક્રમણ

કેનેડા સરકાર વારંવાર વિઝા માટેના નિયમોમાં ફેરફારો કરી રહી છે. આ નિયમો વધુ ને વધુ કડક બનાવવામાં આવી રહ્યા છે. આથી કેનેડામાં લાખો વિદેશી વિદ્યાર્થી અને ધંધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે અને અનેક લોકોની ધરપકડ થાય છે, જેલમાં પુરવામાં આવે છે, આથી લોકો કેનેડા છોડીને ભાગી રહ્યા છે. દુનિયાના મોટાભાગના લોકો માને છે કે અમેરિકા વિશ્વની અંદર સ્વર્ગ સમાન છે, આથી સૌ કોઈ એક યા બીજા પ્રકારે કેનેડા યુએસની સરહદ પર પહોંચી તેને અતિક્રમિત કરે છે. પરિણામે લાખો લોકો આ રીતે સરહદ પાર કરવાના પ્રયાસો કરી રહ્યા છે, જેના ગંભીર પરિણામો અમેરિકન એક્શનને કારણે લોકો ભોગવી રહ્યા છે. આ એક માનવીય પ્રશ્ન છે. કેનેડા અને ઉત્તર અમેરિકાની ભયાનક ઠંડીમાં અનેક લોકો મૃત્યુ પામી રહ્યા છે, માસુમ બાળકોની હાલત કઠિન છે.

કેનેડાના રસ્તે અમેરિકા જવાના અનેક કારણો છે. વૉશિંગ્ટન સ્થિત થિન્ક ટેન્ક, નિસ્કેનન સેન્ટરે કેનેડાની વધુ સરળ વિઝા પ્રક્રિયામાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની વૃદ્ધિને કારણ ગણાવ્યું છે. નિસ્કેનન સેન્ટરના રિપોર્ટ અનુસાર કેનેડાના વિઝા માટે સરેરાશ સમય ૭૬ દિવસનો હતો, જ્યારે અમેરિકા માટે લગભગ ૧ વર્ષ. તેની સાથે જ અમેરિકાની તુલનામાં કેનેડા માટે સ્ટૂડન્ટ વિઝા મેળવવા ખૂબ સરળ છે. ભારતીય ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના મામલાના જાણકાર રસેલ એ સ્ટેમેટ્સ અનુસાર, તસ્કરી નેટવર્કની જાળ અને બાઈડેન વહીવટીતંત્રની નીતિથી સંખ્યા વધી. બાઈડેન વહીવટીતંત્રની ઓપન-બોર્ડર નીતિ પણ આ ઘૂસણખોરીને વધારવામાં ભૂમિકા ભજવી રહી છે. સરહદ પર સુરક્ષામાં ઢીલનો ફાયદો તસ્કરી નેટવર્ક ઉઠાવી રહ્યું છે. આ નેટવર્ક ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને સુરક્ષિત માર્ગ અને સરળ પ્રવેશનો વાયદો કરે છે. સોશિયલ મીડિયા પર પણ આ માર્ગોનો પ્રચાર તેજીથી થઈ રહ્યો છે, જેનાથી વધુ લોકો આ ખતરનાક યાત્રા માટે તૈયાર થઈ રહ્યા છે. વકીલ જીશાન ફારુકી અનુસાર સરહદ સુરક્ષા નિયમોમાં ફેરફારની જરૂરિયાત છે.

આર્થિક સ્થિતિમાં સુધારાનાં સપનાંને સાકાર કરવા માટે ભારતીયો ખતરનાક જોખમ ઉઠાવવા માટે મજબૂર છે. અમેરિકા-કેનેડાની લાંબી સરહદ અને ઓછી સુરક્ષાથી સમસ્યા વધી છે. અમેરિકા-કેનેડા સરહદની લંબાઈ (૮,૮૯૧ કિમી) છે. તે ઉપરાંત આ બોર્ડર પર ઓછી સુરક્ષા છે તેને કારણે તે ગેરકાયદે ઘૂસણખોરી માટે સરળ માર્ગ બન્યો છે. તેની તુલનામાં અમેરિકા- મેક્સિકો સરહદ પર ચુસ્ત બંદોબસ્ત છે. સરહદ પર પેટ્રોલિંગ ગ્રૂપ મર્યાદિત છે, જેનાથી ઘૂસણખોરી રોકવી મુશ્કેલ બન્યું છે. નિષ્ણાતો આ સમસ્યાના ઉકેલ માટે બંને દેશો વચ્ચે મજબૂત મોનિટરિંગ તેમજ સુરક્ષા સંચાલનની ભલામણ કરી રહ્યા છે. ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના મામલે કેનેડા-અમેરિકા બોર્ડર અત્યાર સુધી રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય ન હતી પરંતુ ટ્રમ્પ રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ તે ચર્ચામાં છે. અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને તેમના દ્વારા ચૂંટાયેલા બોર્ડર પ્રમુખ ટૉમ હૉમેન ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને લઈને કેનેડાને ધમકી આપી ચૂક્યા છે. હોમેન અનુસાર કેનેડા અમેરિકા આવતા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર રોક લગાવે અથવા ૨૫% ટેરિફ માટે તૈયાર રહે. ટ્રમ્પે આ મુદ્દે થોડા સમય પહેલાં કેનેડાના પીએમ જસ્ટિન ટ્રૂડો સાથે મુલાકાત પણ કરી હતી.

# હિન્દુના કટ્ટર વિરોધી એવા બાંગ્લાદેશ પર કડક એક્શનની તૈયારી

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

ભારત પાકિસ્તાનની લડાઈ બાદ બાંગ્લાદેશ આઝાદ થયું તે વખતે કોંગ્રેસ સરકારની ભયંકર ભૂલને કારણે બાંગ્લાદેશની અંદર ફરી એકવાર કટ્ટર મુસ્લિમોનું રાજ્ય આવી ગયું અને તેણે ભારતના જ હિન્દુઓને રંજાડવાનું, હત્યા કરવાનું, મંદિરો બાળવાનું કામ શરૂ કરી દીધું. બીજી બાજુ ભારત સરકારે માત્ર વિરોધ નોંધાવીને આ પરિસ્થિતિ સુધરે તેવા પ્રયાસો કર્યા પરંતુ હવે જ્યારે પાણી માથા પરથી વહી ગયું છે ત્યારે ભારત સરકારે પણ કડક હાથે કામ લેવાનું ધીમે ધીમે શરૂ કર્યું છે. બાંગ્લાદેશનો વીજ પુરવઠો બંધ કરવાની સાથોસાથ કડક એક્શન લેવાય તેવા સંજોગો ઊભા થયા છે. બાંગ્લાદેશના કટ્ટરપંથી એવા યુનુસને સત્તા પરથી ઉથલાવી નાખવામાં અમેરિકા પણ સહયોગ આપશે. કારણકે નવા રાષ્ટ્રપતિ ટ્રમ્પને આ માણસ દીઠો ગમતો નથી તેમણે હિન્દુ પરના અત્યાચારોની ટીકા પણ કરી હતી. આગળ શું બનશે તે વિશે કોઈ કલ્પના થઈ શકતી નથી. પરંતુ ટૂંક સમયમાં ભારત સરકાર માત્ર નિવેદન કે નિંદા કરવાનું છોડીને લશ્કરી એક્શન પણ લઈ શકે છે.

બાંગ્લાદેશમાં શેખ હસીનાનો તખ્તાપલટ થયો તો તેને ભારત માટે ઝટકો ગણાવાયો હતો. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલી હિંસા પાછળ પાકિસ્તાનનો હાથ હોવાનું બહાર આવ્યું છે. હિન્દુઓ વિરુદ્ધ નવેમ્બરથી હિંસાની વધતી જતી ઘટનાઓના ગુનેગાર બાંગ્લાદેશના કટ્ટરપંથી સંગઠન જમાત-એ-ઈસ્લામીને સાધવામાં પાકિસ્તાન કામે લાગ્યું છે. ઢાકામાં પાકિસ્તાની ઉચ્ચાયોગ તેનું કેન્દ્ર છે. શેખ હસીનાના વડાપ્રધાન તરીકેના ૧૬ વર્ષના કાર્યકાળ પછી પહેલીવાર પાકિસ્તાન હાઈકમિશનમાં જમાત-એ-ઈસ્લામી અને જુલાઈમાં જ ઊભું થયેલું કટ્ટરવાદી સંગઠન ખિલાફત મજલિસની સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સૂત્રોના કહેવા પ્રમાણે નવેમ્બરમાં પાકિસ્તાન હાઈકમિશને આ બંને સંગઠનો સાથે લગભગ ૧૦ બેઠક કરી છે. હિન્દુ-બૌદ્ધ-ખ્રિસ્તી કાઉન્સિલનું કહેવું છે કે ઑગસ્ટથી અત્યાર સુધી હિન્દુઓ પર હુમલાની ૩ હજારથી વધુ ઘટનામાં જમાતના કટ્ટરવાદી સામેલ રહ્યા છે. દરમિયાન ભારતવિરોધી ઘટનાઓ ગુરુવારે પણ ચાલુ રહી હતી. યુનુસ સરકારને સમર્થન આપનારી પાકિસ્તાન પરસ્ત ખાલિદા જિયાની પાર્ટી બીએનપીએ ગુરુવારે ભારતીય સાડીઓ બાળી હતી. બીએનપીના એન્ટિ ઈન્ડિયા કેમ્પેન હેઠળ ભારતીય સામાનનો બહિષ્કાર કરવા માટે બાંગ્લાદેશનાં અનેક શહેરોમાં દેખાવો થઈ રહ્યા છે. ખાલિદા ઝિયાએ ૩ ડિસેમ્બરે જ પાકિસ્તાન હાઈકમિશનર સૈયદ અહમ મારુફ સાથે બેઠક કરી હતી. ઢાકા, ચટગાંવ અને મેયમનસિંહ યુનિવર્સિટીમાં કટ્ટરવાદી વિદ્યાર્થીઓનાં સંગઠનોએ ભારતવિરોધી રેલીઓ પણ કાઢી હતી.




બાંગ્લાદેશમાં બંધારણીય કાયદેસરતા ન હોવા છતાં મોહમ્મદ યુનુસ વચગાળાની સરકારના વડા બન્યા છે. યુનુસ મિલિટરી મુલ્લા ગઠબંધનનો માત્ર સિવિલિયન ચહેરો જ છે. ઈસ્લામી હિંસા વધવાનાં કારણો એકદમ સ્પષ્ટ છે. યુનુસ સરકારે આતંકવાદી કનેક્શન ધરાવતાં જેહાદી સંગઠનો પર પ્રતિબંધો હટાવ્યા છે. બાંગ્લાદેશની વર્તમાન સરકાર તેમનાં હિત માટે યોગ્ય નથી, એ વાત અમેરિકા પણ ટૂંક સમયમાં સમજી જશે, એવી આશા છે. પ્રેસની સ્વતંત્રતા રુંધી નાખી : યુનુસ સરકારે સૌ પહેલાં પ્રેસનું દમન કર્યું. ૧૬૭ પત્રકારની માન્યતા રદ કરી નાખી. ૧૨૯ પત્રકાર સામે હત્યા, અપહરણ જેવા ગુના નોંધ્યા છે. સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવનારા સ્કોલર અને વકીલોનું દમન કર્યું છે. ઓક્ટોબરમાં જ ૭ હજાર ધરપકડ કરાઈ છે. આમ બંને દેશો વચ્ચે ગાઢ મિત્રતા સ્થપાઈ ચૂકી છે બંને ભારત વિરોધી છે. કોંગ્રેસની ભૂલને કારણે અત્યારે વર્તમાન સ્થિતિ બગડતી જાય છે તેનો ભોગ હિન્દુઓ બનતા જાય છે તે વખતે ભારત સરકારે બાંગ્લાદેશને ભારતમાં ભેળવી દેવાની જરૂર હતી તેને બદલે હિન્દી રહે તેને આઝાદ બાંગ્લાદેશનો દરજ્જો આપવાની ભયાનક ભૂલ કરી છે જેનું આ પરિણામ છે.

જમાતનો ઈતિહાસ ખરડાયેલો છે અને તેનું રાજકારણ કટ્ટરવાદી છે, પરંતુ ચીનને ચિંતા નથી. બીએનપી તેની જૂની મિત્ર છે. બીએનપી જ્યારે સત્તામાં હતી ત્યારે ચીનને ફાયદો થયો છે. તેને લશ્કરી સોદા અને રોકાણની તક મળી છે અને ઢાકાને ભારતથી દૂર રાખ્યું છે. બાંગ્લાદેશમાં યુનુસ સરકારના દાવા છતાં હિન્દુઓ અને લઘુમતીઓ પરના હુમલા રોકાતા નથી. મંગળવારે મોડી રાતે સુમનગંજ જિલ્લામાં કટ્ટરપંથીઓની ભીડે હિન્દુઓનાં ઘરો પર હુમલો કર્યો હતો. ભીડનો આરોપ હતો કે હિન્દુ યુવકે ફેસબુક પોસ્ટમાં ઈશનિંદા કરી હતી. તોફાની ટોળાંએ ૧૦૦થી વધુ હિન્દુઓનાં ઘરોમાં તોડફોડ કરી હતી. ઘરમાં બનેલું પૂજાસ્થળ પણ તોડી નાખ્યું હતું. હિન્દુઓની દુકાનોમાં પણ લૂંટફાટ થઈ હતી. તેને પગલે મંગળવારે મોડી રાત્રે તમામ ૨૦૦ હિન્દુ પરિવારોને હિજરત કરવી પડી હતી. પોલીસે ઈશનિંદાના આરોપમાં સુમનગંજના મંગલારગાંવના દિલ્હી પાસે મર્યાદિત વિકલ્પ છે અને તે આશાવાદી નથી. બીજી તરફ યુનુસની કથની અને કરણીમાં ભેદ છે. સમસ્યાને સ્વીકારવાને બદલે તેઓ ભારતીય મીડિયાને દોષી ઠેરવી રહ્યા છે. બાંગ્લાદેશની વડી અદાલતમાં દાખલ એક અરજીમાં ભારતીય સમાચાર ચેનલો પર પ્રતિબંધની માગણી કરાઈ છે. બુધવારે યુનુસે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. જેમાં અવામી લીગ સિવાયના તમામ નાના પક્ષો હતા. તેમણે 'બાંગ્લાદેશ પર સાંસ્કૃતિક આધિપત્ય સ્થાપવાના ભારતના પ્રયાસો અને તેના આર્થિક શોષણની નિંદા કરી છે.' સાથે જ 'બાંગ્લાદેશની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કરવાના ભારતના પ્રયાસોની નિંદા કરી છે.' સમસ્યા એ છે કે, વચગાળાની સરકાર પોતાની સ્થિતિ અંગે ચિંતિત છે. એટલે તેને ભારતીય હસ્તક્ષેપનો ભય સતાવી રહ્યો છે. યુનુસના મંત્રીઓનું કહેવું છે કે, ભારતે ઓગસ્ટમાં થયેલા પરિવર્તનને સ્વીકારવું જોઈએ. આ વિચિત્ર છે, કેમકે વડાપ્રધાન મોદીએ વ્યક્તિગત રીતે યુનુસને અભિનંદન આપ્યા હતા. ભારત બાંગ્લાદેશના આંતરિક રાજકારણનું સન્માન કરતું રહ્યું છે. જોકે, બાંગ્લાદેશ તરફથી આપણા માટે આવું સન્માન જોવા મળ્યું નથી. હિન્દુઓ પર ભીડ દ્વારા જ્યારે હુમલો કરાયો, મંદિરોમાં તોડફોડ કરાઈ અને ભારતીય ધ્વજનું અપમાન થયું ત્યારે જ ભારત ચિત્રમાં આવ્યું હતું. ચાર મહિના ચુપ રહ્યા પછી હવે હસીના પણ બોલી રહ્યાં છે. ગત સપ્તાહે તેમણે પોતાના સમર્થકોને વર્ચ્યુઅલી સંબોધિત કર્યા હતા અને કહ્યું કે, તેમના પરિવારની હત્યાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. તેમણે યુનુસ પર નરસંહારનો પણ આરોપ લગાવ્યો છે. હવે પરિસ્થિતિ બદલાઈ ચૂકી છે ભારત સરકાર એક્શનમાં આવશે અને તેની વીજળી કાપી નાખશે જ્યારે આખો બાંગ્લાદેશ અંધકારમાં ડૂબી જશે ત્યારે જ ભાન થશે.

**અનેક પ્રકારના ભારતના વિરોધ બાદ બાંગ્લાદેશમાં રહેતા લઘુમતી હિન્દુઓ પર ભયાનક હુમલા ચાલુ રહેતા હવે ટૂંક સમયમાં બાંગ્લાદેશ સાથેના સંબંધો તૂટવાની અણી પર આવી ગયા છે. અમેરિકાના નવા પ્રેસિડેન્ટ ટ્રમ્પની ટીકા બાદ ભારત પણ હવે સમાધાનની વાત છોડીને લાલ આંખ દેખાડવાનું શરૂ કરે તેવી શક્યતાઓ ઊભી થઈ છે.**

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૯૮ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૩૦૦ | ૪૮૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૯૫૦ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૩૩૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૬૫ |
| અડદ | ૧૨૫૦ | ૧૬૯૬ |
| મગ | ૧૦૦૦ | ૧૬૯૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૬૮ |
| ચોળી | ૧૫૦૦ | ૨૬૦૦ |
| મઠ | ૭૦૦ | ૧૧૩૫ |
| કળથી | ૯૩૬ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૨૭૦ |
| તલી | ૨૧૪૪ | ૨૫૪૭ |
| સુરજમુખી | ૬૭૮ | ૬૭૮ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૨૮ |
| સુવા | ૧૦૭૩ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૪૪ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૮૫ |
| કાળા તલ | ૩૦૪૦ | ૪૪૫૦ |
| લસણ | ૩૯૦૦ | ૫૦૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૨૧ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૩૪૦ | ૧૫૫૧ |
| વરીયાળી | ૧૦૩૦ | ૧૩૦૫ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૬૦૦ |
| રાય | ૧૦૫૦ | ૧૨૧૭ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| કલોંજી | ૩૫૨૫ | ૩૫૨૫ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૫૯ |
| રજકાનું બી | ૩૮૫૦ | ૫૫૫૦ |
| ગુવારનું બી | ૮૮૫ | ૯૫૬ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૭૦૦ | ૯૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૪૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૧૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૨૧૦ | ૩૨૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૧૦૦ |

| | | |
|---|---|---|
| ચોળાસીંગ | ૩૩૦ | ૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૨૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૫૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૫૫૦ | ૮૩૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| તુવેરસીંગ | ૮૦૦ | ૧૦૨૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૭૦૦ |
| મેથી | ૨૦૦ | ૪૫૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૪૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૬૨૦ | ૮૧૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૫૦૦૦ |
| મકાઇ લીલી | ૧૪૦ | ૨૮૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૦૦ | ૧૪૮૩ |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૦૭૬ |
| ગિરનારી શિંગ | ૧૦૬૨ | ૧૨૮૦ |
| શિંગ મોટી | ૮૬૬ | ૧૧૮૦ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| તલ સફેદ | ૧૭૫૦ | ૨૮૭૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૪૬૧૦ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૩૦૦ |
| બાજરો | ૩૫૦ | ૬૨૬ |
| જુવાર | ૩૯૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૪૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૪૬ |
| મગ | ૧૪૦૫ | ૧૫૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૭૫ |
| ચણા | ૬૯૦ | ૧૩૬૦ |
| એરંડા | ૧૧૪૫ | ૧૨૨૨ |
| જીરૂ | ૧૯૦૦ | ૪૨૦૦ |
| ધાણા | ૮૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૦ |
| રજકાના બી | ૩૬૦૦ | ૫૧૦૦ |
| મરચા લાંબા | ૭૭૦ | ૨૪૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૫૦૦ | ૫૬૦ |
| રીંગણાં | ૩૦૦ | ૩૫૦ |
| ફુલાવર | ૪૨૦ | ૫૧૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |


| | | |
|---|---|---|
| ટામેટા | ૭૫૦ | ૯૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૨૦ | ૭૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૪૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૯૦૦ |
| ચોળા લીલાં | ૪૫૦ | ૫૫૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૨૦ | ૯૨૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૫૭૦ | ૭૨૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૦૦ | ૧૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૨૦ | ૭૦૦ |
| પાલક | ૩૮૦ | ૬૪૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૫૫૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૪૪૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૫૦૦૦ | ૫૪૦૦ |
| લસણ સૂકુ | ૫૨૦૦ | ૬૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૪૧ | ૧૪૯૧ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૭૨૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૦ | ૧૨૨૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૪૬૬૧ |
| વરીયાળી | ૧૧૮૧ | ૧૧૮૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૭૧ |
| લસણ સુકું | ૨૦૦૧ | ૪૮૦૧ |
| અડદ | ૮૯૧ | ૧૬૪૧ |
| મઠ | ૭૮૧ | ૭૮૧ |
| તુવેર | ૧૦૨૧ | ૧૦૨૧ |
| રાયડો | ૬૭૧ | ૬૭૧ |
| રાય | ૬૭૧ | ૬૭૧ |
| મેથી | ૯૧૧ | ૧૦૭૧ |
| કાંગ | ૮૪૧ | ૧૦૭૧ |
| મરચા | ૩૫૧ | ૨૬૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૪૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૫૦૧ |

| | | |
|---|---|---|
| ઇસબગુલ | ૧૬૩૧ | ૧૯૦૧ |
| ધાણી | ૯૨૬ | ૧૭૦૧ |
| બાજરો | ૫૧૧ | ૫૪૧ |
| જુવાર | ૭૭૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૭૧ | ૪૭૧ |
| મગ | ૮૩૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૮૬ |
| વાલ | ૫૯૧ | ૧૩૦૧ |
| ચોળા / ચોળી | ૧૦૫૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| ગોગળી | ૮૧૧ | ૯૬૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૦૮ |
| કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૬૦ |
| મગફળી જીરૂ | ૧૧૩૬ | ૧૧૭૪ |
| મગફળી બીટી | ૯૪૦ | ૧૦૮૦ |
| અડદ | ૧૧૨૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૫૨૯ | ૬૦૧ |
| સોયાબીન | ૭૮૬ | ૮૦૪ |
| તલ | ૨૦૧૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૯૨૦ | ૪૩૨૦ |
| ચણા | ૧૦૬૫ | ૧૨૩૫ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૮ |
| મગફળી જીણી | ૯૫૧ | ૧૧૫૧ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૧૯૧ |
| તલ | ૨૦૫૦ | ૨૪૩૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૪૧૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૯૫ |
| ઘઉંટુકડા | ૫૨૫ | ૬૨૦ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૭૭૦ | ૭૭૦ |
| મગ | ૧૨૪૨ | ૧૫૧૭ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૫૦૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૫૨ |
| મગફળી | ૬૫૧ | ૧૦૯૦ |
| ઘઉં | ૫૫૦ | ૫૬૪ |
| ચણા | ૮૦૦ | ૧૧૮૦ |
| અડદ | ૧૨૪૦ | ૧૪૦૦ |
| ધાણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| સોયાબીન | ૭૨૨ | ૭૭૧ |
| જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૪ |

| | | |
|---|---|---|
| ઘઉ લોકવન | ૫૧૩ | ૫૮૦ |
| ઘઉ ટુકડા | ૫૧૫ | ૫૯૧ |
| જુવાર | ૪૦૦ | ૪૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| મગફળી | ૫૦૦ | ૧૦૨૨ |
| ચણા | ૧૦૦૧ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૨૨૪૫ | ૨૨૪૫ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૪૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૩૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૫૫૦ | ૫૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૨૧ | ૧૪૭૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૩૩ |
| ચણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| અડદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ઘઉં | ૬૩૦ | ૬૩૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૫૦ | ૧૦૮૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૫ |
| બાજરો | ૫૨૦ | ૫૬૭ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૩૩ |
| જુવાર | ૫૮૦ | ૭૮૦ |
| મકાઈ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૮૦૦ | ૨૩૦૦ |
| મઠ | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ચણા | ૧૧૩૩ | ૧૩૨૧ |
| સોયાબીન | ૭૮૩ | ૮૦૦ |
| મેથી | ૧૧૩૧ | ૧૧૩૧ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૯૭ | ૧૪૯૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૮ |
| ઘઉં | ૪૭૫ | ૫૭૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૫૬ |
| ચણા | ૮૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૬૦૦ | ૧૧૦૦ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૨૧૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૩૪૬ |
| ધાણા | ૭૦૦ | ૧૩૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ | ૮૫૦ | ૧૧૪૪ |
| મગફળી ૩૨નં. | ૮૦૦ | ૧૦૫૫ |
| બાજરી | ૪૫૦ | ૫૯૯ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૫૦ | ૬૫૩ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૪૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૨૮ |
| જુવાર | ૬૦૦ | ૮૦૮ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૪૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૬૦ |
| રજકો | ૩૫૦૦ | ૪૯૭૫ |
| કપાસ | ૧૩૮૦ | ૧૪૫૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૫ |
| બાજરો | ૫૦૦ | ૫૩૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| અડદ | ૮૦૦ | ૧૬૦૦ |
| ચોળી | ૨૪૦૦ | ૩૨૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૫૨ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૪૫ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૪૯૫ |
| મગફળીજાડી | ૯૦૦ | ૧૧૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૧૮ |
| તલ | ૧૨૦૦ | ૨૪૦૦ |
| તલકાળા | ૨૦૦૦ | ૩૨૨૦ |
| રાયડો | ૯૩૫ | ૧૦૭૦ |
| રાઈ | ૧૧૦૦ | ૨૦૦ |
| લસણ | ૩૦૦૦ | ૫૪૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૪૭૫ |
| અજમો | ૧૫૦૦ | ૪૦૩૦ |
| ડુંગળીસુકી | ૧૫૦ | ૮૩૦ |
| મરચાસુકા | ૫૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૦ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૨૮૪ | ૧૩૨૯ |
| શીંગ ગિરનાર | ૧૦૫૦ | ૧૧૮૬ |
| શીંગ નં ૩૨ | ૯૨૦ | ૧૦૩૫ |
| મગફળી જાડી | ૧૦૨૦ | ૧૧૬૦ |
| એરંડા | ૮૦૦ | ૧૧૯૯ |
| જુવાર | ૩૭૧ | ૮૬૨ |
| બાજરી | ૪૧૮ | ૮૦૨ |
| ઘઉં ટુકડા | ૪૧૩ | ૭૦૦ |
| મઠ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૭૮૬ | ૧૯૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૬૯૦ |
| સોયાબીન | ૮૨૪ | ૮૨૮ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ચણા | ૧૨૦૪ | ૧૨૨૨ |
| તલ | ૨૦૫૧ | ૨૬૧૦ |
| રજકો | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ડુંગળી | ૩૦૦ | ૭૬૮ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૮૪૦ |
| નાળિયેરનં૧૦૦ | ૪૭૨ | ૨૫૮૦ |

## શબ્દ સંજોગ-૧૯૧૨



**આડી ચાવી :**
(૧) કાબૂમાં રાખવું (૪)
(૪) ભાગ વહેંચ્યા ન હોય તેવો, ભેગો (૪)
(૬) જયાં-જયાં વસે ગુજરાતી, ત્યાં...કાળ ગુજરાત (૨)
(૭) એક વાદ્ય (૩)
(૯) કેરીની એક જાત (૩)
(૧૦) રોગનું ફેલાવુ તે (૩)
(૧૩) મંચ, રંગભૂમિ (૩)
(૧૫) બોજો ઉપાડનાર (૩)
(૧૬) છેતરપિંડી, કપટ (૨)
(૧૭) મોં, ચહેરો (૩)
(૧૮) અમે, અમારુ (૨)
(૧૯) નજર સામે (૩)
(૨૦) દૂંટી, કેન્દ્ર (૨)
(૨૧) ગુનાસર દંડરૂપે સરકારે કબજે કરેલું (૨)
(૨૨) કરમાયેલું, ખિન્ન (૨)
(૨૪) વાટ, ઘરડ (૩)
(૨૬) પતિ-પત્ની વચ્ચે... જન હોય તો જીવનમાં કયાંથી મજા આવે ? (૪)
(૨૭) પુષ્કળ, બહાનું (૨)

**ઉભી ચાવી :**
(૧) જગત, કુદરત (૩)
(૨) 'યદા.....હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારત...' (૨)
(૩) સજા, શિખામણ (૪)
(૪) તાબે, જિતાયેલું (૨)
(૫) યદુનો વંશજ (૩)
(૮) આજે કઈ....છે?(૩)
(૧૧) કોલકાતાનું એરપોર્ટ (૪)
(૧૨) આ તો વીરનું આભુષણ ગણાય (૨)
(૧૪) અસભ્ય, ઉધ્ધત (૩)
(૧૫) ઘસારો, હુમલો (૨)
(૧૭) ઉતરી ગયેલ મુખવાળો, ગમગીન (૪)
(૧૮) વ્યકિતએ વાતે વાતે .......બદલવો ન જોઈએ (૪)
(૧૯) સાત (૨)
(૨૦) કમળની પોલી નળી (૨)
(૨૧) તમે.....બચાવશો તો ...તમને બચાવશે (૨)
(૨૩) ....તે સૌને ગમે (૨)
(૨૫) શરીરની સાત ધાતુઓમાંની પ્રથમ (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૧ જવાબ

**આડી ચાવી:** (૧) તોખાર (૪) મરાવ (૭) તમતમતું (૯) આભ (૧૦) ખાર (૧૧) મત (૧૨) ભાન (૧૩) કસ (૧૪) વેંત (૧૬) વોરંટ (૧૮) શ્રુત (૧૯) મસ્ત (૨૦) જકડ (૨૨) નતવ(વતન) (૨૪) ગજર (૨૬) વકરો (૨૮) પાલક (૩૦) મચ્છરદાની.
**ઉભી ચાવી:** (૨) ખાતર (૩) રમ (૪) મમત (૫) રાતું (૬) કુંભ (૮) તમસ (૯) આન (૧૦) ખારવો (૧૨) ભાત (૧૩) કટક (૧૪) વેંત (૧૫) વાસ્તવ (૧૭) રંજ (૧૯) મતબલ(મતલબ) (૨૧) ડગ (૨૩) શ્રવણ (૨૫) જઠર (૨૭) રોમ (૨૮) પાની (૨૯) કને.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દાંતીવાડાથી રાજ્ય વ્યાપી રવી મહોત્સવનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

પાલનપુર,તા.૦૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજ્ય વ્યાપી પ્રારંભ બનાસકાંઠાના દાંતીવાડામાં સરદાર કૃષિ નગરથી કરાવતા જણાવ્યું હતુ કે, રાજ્ય સરકાર હરપળ ખેડૂતોની પડખે ઊભી રહેવા તૈયાર છે.



તેમણે કહ્યું કે, ખેડૂતો અને કૃષિ ક્ષેત્રના વિકાસની ઈચ્છાશક્તિ હોય તો કેવા મોટા બદલાવ લાવી શકાય તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાતે જ્યોતિગ્રામ યોજનાથી સતત વીજળી, સિંચાઈ વ્યવસ્થાપનથી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી વગેરે આપીને પુરવાર કર્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, કૃષિ ક્રાંતિમાં દેશનું દિશાદર્શન કરનારું રાજ્ય બનાવવાનો ધ્યેય વડાપ્રધાનની પ્રેરણાથી શરૂ થયેલા કૃષિ મહોત્સવની સફળતાથી સાકાર થયો છે. ખેડૂત પોતાના ખેતરમાં કયો પાક લઈ શકે તેમજ કૃષિમાં વેલ્યુ એડિશન સહિતની સમજ તથા માર્ગદર્શન આવા કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને સામે ચાલીને આપે છે.

# માહી ડેરીને ઈન્ટર ડેરી એવોર્ડ-૨૦૨૪માં 'બેસ્ટ પેકેજિંગ' એવોર્ડ

અમરેલી,તા.૦૬

ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા આયોજિત ઈન્ટર ડેરી એવોર્ડ્ર્સ-૨૦૨૪માં માહી મિલ્ક પ્રોડ્યૂસર ઓર્ગેનાઈઝેશનને પ્રતિષ્ઠિત "એડોપ્શન ઓફ બેસ્ટ પેકેજિંગ એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો છે. આ એવોર્ડ માહી ડેરીની પ્રીમિયમ પ્રોડક્ટ ગીર અમૃત ઘીની ઉત્કૃષ્ટ પેકેજિંગ ડિઝાઈન માટે આપવામાં આવ્યો છે. પાંચથી દસ લાખ લિટર પ્રતિદિનની ક્ષમતાની શ્રેણીમાં માહી ડેરીને આ એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ સાથે માહી ડેરીની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરાયું છે. આ એવોર્ડની જાહેરાત થતાં જ સંસ્થાના એક લાખથી વધુ સભાસદોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. આ એવોર્ડ સંસ્થાના ચીફ એક્ઝિક્યુટિવ ડૉ. સંજય ગોવાણીએ સ્વીકાર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ એવોર્ડ એ ગુણવત્તા અને નવીનતા પ્રત્યેના અમારા સમર્પણ અને અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ ઉત્પાદનો પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સન્માન એ પ્રત્યેક દૂધ ઉત્પાદક સભ્ય, ગ્રાહકો અને માહી ટીમ સાથે જોડાયેલા તમામ સભ્યોનું છે. સંસ્થાના ચીફ એક્ઝિક્યુટિવ ડૉ. સંજય ગોવાણીની આગેવાની હેઠળ સેલ્સ હેડ હર્ષદત્ત ચોબે, ડેપ્યુટી જનરલ મેનેજર પરસોતમ પટોલિયા, બિપીન ચીકાણી, જ્ઞાનેન્દ્ર વર્મા તથા મિલન પરીખની ટીમે આ એવોર્ડ અને પ્રમાણપત્ર સ્વીકાર્યા હતા.




# જાફરાબાદમાં શૈક્ષણિક કૌભાંડનો પર્દાફાશ : સરકારી ગ્રાન્ટનો દુરુપયોગ

જાફરાબાદ, તા.૦૬

જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા ચાલતી શાળાઓમાં ગંભીર ગેરરીતિઓ ચાલી રહી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો છે. જાફરાબાદના વાલી મંડળ દ્વારા મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીને લખેલા પત્રમાં આ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વાલી મંડળના આક્ષેપ મુજબ, જાફરાબાદ કેળવણી ઉત્તેજક મંડળ એક જ જગ્યાએ સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓ ચલાવે છે, જે ગેરકાયદે છે. મંડળ સરકારી ગ્રાન્ટ લઈને પારેખ મહેતા હાઈસ્કૂલ ચલાવે છે, તેની સાથે જ સેલ્ફ કે.પી. મહેતા વિદ્યાલય પણ ચલાવે છે. હાલમાં, મંડળે સેલ્ફ હાઈસ્કૂલને સરકારી ગ્રાન્ટ વાળી પારેખ મહેતા હાઈસ્કૂલના મકાનમાં ફેરવી નાખી છે અને સરકારી પૈસાથી ખાનગી શાળા ચલાવી રહ્યું છે. વાલી મંડળના આક્ષેપ મુજબ, મંડળે આ બદલાવ માટે કોઈપણ પ્રકારની મંજૂરી લીધી નથી. આ ગેરકાયદે પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરવાની માંગ કરવામાં આવી છે.

# ધારીના માલસિકા ગામ નજીક સિંહણને પજવણી કરનાર કારચાલકની તપાસ શરૂ કરાઈ

**વનવિભાગે સંપર્ક કરતા કાર માલિકે મોબાઈલ જ બંધ કરી દીધો**

ધારી,તા.૦૬

ધારી તાલુકાના માલસિકા ગામ નજીક રાત્રિના સમયે એક સિંહણે ગાયનું મારણ કર્યું હતું. રોડની નજીક જ મારણ કરતી સિંહણને એક કારચાલક દ્વારા હેડલાઈટનો પ્રકાશ ફેંકી પજવણી કરવામાં આવી હતી. જેનો વીડિયો વાયરલ થતા વનવિભાગે કારચાલકની તપાસ શરૂ કરી છે. આ અંગે આરએફઓ જયોતિબેન વાજાએ જણાવ્યું હતું કે મારણ કરતી સિંહણ સામે કારની હેડલાઈટનો પ્રકાશ ફેંકી પજવણી કરવામાં આવી હતી. વીડિયોમાં કારનો નંબર



સ્પષ્ટ દેખાતો હોવાથી વનતંત્રએ આરટીઓમાંથી કારની તપાસ કરી હતી જેમાં જીજે-૦૫-જેડી-૯૫૫૯ નંબરની સ્વીફ્ટ કાર બાબુભાઈ નારાયણભાઈ પટેલ રહે. પરબત પાટીયા, પુણા સુરત હોવાનું ખુલ્યુ હતું. આરટીઓમાં નોંધાયેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરતા કારમાલિકે મોબાઈલ બંધ કરી દીધો છે. હવે આ કારમાલિક જ કાર ચલાવતા હતા કે અન્ય કોઈ તે તપાસ દરમિયાન ખબર પડશે. આની જાણ એલસીબીને પણ કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જિલ્લામાં હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉત્સાહભેર ઉજવણી

ઉના, તા.૦૬



ગીર સોમનાથ જિલ્લા હોમગાર્ડ્ર્સ દ્વારા તા. ૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાયેલા ખેલ મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર હોમગાર્ડ જવાનોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડ્ર્સ ગીર સોમનાથ, વિજયકુમાર એસ. ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. ખેલ મહોત્સવમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં પ્રથમ આવેલા હોમગાર્ડ જવાનો અને મહિલા હોમગાર્ડ જવાનોને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, રસ્સાખેચમાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલા તમામ માનદ હોમગાર્ડ સભ્યોને પણ પ્રમાણપત્ર અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# રૂ.૭૦ હજારમાં બોગસ ડિગ્રીઓ આપી સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારાઓને ઝડપી પાડપી પોલીસ

સુરત,તા.૦૬

પાંડેસરા પોલીસે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર રાજ્ય વ્યાપી સ્કેમને ઝડપી પાડ્યું છે. આ સ્કેમના મુખ્ય આરોપી રસેસ ગુજરાતી અને બી.કે. રાવત છે. જેઓ ૭૦ હજાર રૂપિયામાં બોગસ ડિગ્રીઓ લોકોને આપતા હતા. પોલીસે આ સમગ્ર ઘટનામાં રસેસ સહિત ૧૩ જેટલા





આરોપીઓની ધરપકડ કરી છે. રસેસ તેમજ તેની ગેંગ દ્વારા જો કોઈ વ્યક્તિ ડિગ્રીના અથવા તો ડિગ્રી રિન્યુઅલના પૈસા ના આપે તો તેમને ધાક ધમકી આપતા હતા જેથી પોલીસે આ ગેંગ વિરૂદ્ધ અલગથી ખંડણી અને ધાકધમકીનો ગુનો નોંધ્યો છે. રૂપિયા ૭૦,૦૦૦ આપો અને ડિગ્રી લઈ જાઓ જો કોઈ પોલીસ કર્મી અથવા તો કોઈ હેરાન કરે તો તમારી પાછળ હું છું તેમ કહીને સમગ્ર રાજ્યમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર સ્કેમનો પર્દાફાશ સુરત પાંડેસરા પોલીસે કર્યો છે.

# કચ્છ ફરી ધણધણ્યું : રાપરમાં ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

ભુજ,તા.૦૬

કચ્છના રાપર સહિત આસપાસના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બપોરે ૧:૫૯એ ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી વેસ્ટ સાઉથ વેસ્ટ દૂર નોંધાયું છે. ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોમાં ફફડાટ મચ્યો છે.



મળતી માહિતી મુજબ, કચ્છમાં અવાર-નવાર ભૂકંપના આચકા આવી રહ્યા છે. જેનું મુખ્ય કારણ એ છે કે, ૨૦૦1ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. આજે કચ્છના રાપર સહિત આસપાસના વિસ્તારમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. બપોરે ૧:૫૯એ ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૨ કિમી વેસ્ટ સાઉથ વેસ્ટ દૂર નોંધાયું છે. ભૂકંપનો આંચકો આવતા સ્થાનિકોમાં ફફડાટ મચ્યો છે. થોડા દિવસ અગાઉ ૧૮ નવેમ્બરે પણ કચ્છના અનેક વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ આવતા રાપર, ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી હતી. જેમાં કચ્છના રાપરથી ૨૬ કિ.મી. દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.

# પ્રયાગરાજના કુંભમેળામાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા વિવિધ સેવા કાર્યોનું આયોજન

અમરેલી,તા.૦૬

આવતા વર્ષે પ્રયાગરાજમાં કુંભમેળો યોજાશે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવીણભાઈ તોગડિયા દ્વારા કુંભમેળામાં બે કરોડ યાત્રીઓને ભોજન, ચા-પાણી, નાસ્તા અને રહેવા માટેના ટેન્ટની વ્યવસ્થા જળવાઈ રહે એવા હેતુથી આયોજન થઈ રહ્યું છે. આ માટે ડો. પ્રવીણભાઈ તોગડિયા ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ-કાઠીયાવાડના પ્રવાસે જુદા જુદા પ્રાંતોમાં ફરી અલગ અલગ ટીમો દ્વારા સેવાકાર્યમાં જોડાવા માટે પ્રવાસ કરી રહ્યા છે. તેમની સાથે ગુજરાત પ્રદેશ



તેમજ રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ બકુલભાઈ ખાખી, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ, રાષ્ટ્રીય બજરંગ દળ પ્રાંત મંત્રી અને દરેક પ્રાંત જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ પ્રયાસો કરી રહ્યા છે.

# બગસરા તાલુકાનાં માવજીંજવા ગામે પરપ્રાંતીયનું કૂવામાં પડી જવાથી મોત

અમરેલી,તા.૦૬



બગસરા તાલુકાનાં માવજીંજવા ગામે પરપ્રાંતીયનું કૂવા પડી જવાથી મોત થયેલ છે. ગઈકાલે સાંજના સમયે અમરેલી ડિઝાસ્ટર રૂમ ખાતે મળતી માહિતી મુજબ, માવજીંજવા ગામે ભગવાનભાઈ દોંગાની વાડીમાં કોઈ અજાણી વ્યકિત પડી જવાની ઘટના બનેલ તેની જાણ અમરેલી ફાયર ટીમને કરવામાં આવતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ૨૦ મિનિટની જહેમત બાદ વ્યકિતના મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ મૃતકનું નામ રાજુભાઈ અર્જુનભાઈ પારઘી હોવાનું જાણવા મળ્યુ છે.

# અમરેલીમાં ગૌમાંસના ગુનામાં દસ વર્ષની સજા, સ્પેશ્યલ પી.પી.ની દલીલોને મળી સફળતા

અમરેલી, તા.૦૬

અમરેલીમાં ગૌમાંસના ગુનામાં સંડોવાયેલા આરોપીને સેશન્સ કોર્ટે દસ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ચુકાદો સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર ચંદ્રેશ મહેતાની ધારદાર દલીલોના પરિણામે આવ્યો છે. તારીખ ૧૫ માર્ચ ૨૦૨૦ના રોજ પોલીસને બાતમી મળી હતી કે જૂના ગિરિયામાં રહેતો ઝાકીર હુસેન અહેમદ હુસેન સૈયદ પોતાના ઘરે ગૌમાંસનું વેચાણ કરે છે. આ બાતમીના



આધારે પોલીસે આરોપીના ઘરે દરોડો પાડ્યો હતો અને તેની પાસેથી ૨૫ કિલો ગૌમાંસ અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસની સુનાવણી અમરેલીના સેશન્સ જજ રીઝવાનાબેન બુખારી સાહેબની કોર્ટમાં ચાલી હતી. સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યુટર ચંદ્રેશ મહેતાએ કોર્ટમાં દલીલ કરી હતી કે આરોપીએ ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમનો ભંગ કર્યો છે અને ગૌમાંસનું વેચાણ કરીને ગુનો કર્યો છે. કોર્ટે પ્રોસિક્યુટરની દલીલોને માન્ય રાખીને આરોપીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫ અને ૬ હેઠળ દસ-દસ વર્ષની સજા અને એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

# સૌરાષ્ટ્રનું અગ્રીમ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ડુંગળીની આવકથી ઊભરાયું

**યાર્ડમાં ડુંગળીના ૧.૨૫ લાખ કટ્ટાની આવક નોંધાઈ**

ગોંડલ,તા.૦૬

સૌરાષ્ટ્રનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડ ફરી ડુંગળીની આવકથી ઊભરાઈ રહ્યું છે. યાર્ડની બહાર બન્ને બાજુ ડુંગળીના વેચાણ માટે ૪-૫ કિલોમીટર લાંબી


તસવીર : ભોંજાણી દેવાંગ

૧૫૦૦થી વધુ વાહનોની કતાર લાગી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાં લાલ ડુંગળીની આવકમાં ગોંડલ માર્કેટિંગ યાર્ડ મોખરે છે. સમગ્ર ભારતમાંથી લોકો ડુંગળી લેવા માટે ગોંડલ આવે છે. આજે હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂ.૨૦૦ થી રૂ.૯૫૦ સુધીના બોલાયા હતા. યાર્ડના સત્તાધીશો દ્વારા ડુંગળીની આવકને લઈને જ્યાં સુધી અન્ય કોઈ જાહેરાત ન કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સંદતર બંધ કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસ વેચવા ગોંડલ યાર્ડમાં આવતા હોય છે.

# વલસાડમાં સિરિયલ કિલર આરોપીએ પૂછપરછમાં અત્યાર સુધીમાં કુલ ૬ હત્યા કરી હોવાનું કબુલ્યુ

વલસાડ,તા.૦૬

વલસાડના પારડીમાં થોડા દિવસ પહેલાં એક યુવતીની દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ હત્યા કરનાર આરોપી સિરિયલ કિલર હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. ત્યારે આ આરોપીની પૂછપરછમાં વધુ એક હત્યાનો ખુલાસો થયો છે. પોલીસ રિમાન્ડ પર રહેલા આરોપીએ ડભોઈમાં કરેલી હત્યાની કબૂલાત કરી છે. ૮ જૂનના રોજ ડભોઈમાં લૂંટના ઈરાદે એક અલ્પ દ્રષ્ટિ યુવકની હત્યા કરી હતી. ટ્રેનમાં અલ્પ દ્રષ્ટિ યુવક સાથે આરોપીએ વાતચીત કરીને વિશ્વાસ કેળવ્યો હતો. ત્યાર બાદ રેલવે સ્ટેશન પર ઉતારીને લૂંટના ઈરાદે ગળું દબાવીને હત્યા કર્યાનું ખુલ્યું છે. ડભોઈ મળી અત્યાર સુધી આરોપીએ કુલ ૬ હત્યા કરી હોવાનો પર્દાફાશ થયો છે. હજુ પણ આરોપીએ કરેલા અન્ય ગંભીર ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે. આ હત્યાનો ખુલાસો થયો તે પહેલા આ આરોપીએ ૨૫ દિવસના સમયગાળામાં જ ૫ હત્યા કરી હોવાનું ખુલ્યું હતું. પારડીમાં યુવતીની હત્યા કર્યા બાદ આરોપીના ગુનાઓ અટક્યા ન હતા. ત્યાર બાદ આરોપીએ ઉપરા-છાપરી ત્રણ હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું.

## અવસાન નોંધ

**ચલાલા**

ગં.સ્વ.વીણાબેન જયંતિભાઈ વ્યાસ (ઉ.વ.૬૯)નું તા.૫/૧૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું સદગત બેસણુ તા.૭/૧૨/૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે તેમના નિવાસસ્થાને મોચી બજાર, પટેલ શેરીમાં રાખેલ છે.

**સાવરકુંડલા**

દરજી મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતિ કરણ રવીન્દ્રભાઈ મનસુખભાઈ યાદવ (રવાણી)નું તા.૦૨/૧૨/૨૦૨૪ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે યાદવ પિયુષભાઈના પિતાશ્રી થાય છે.

# દિલ્હી કૂચ કરવા નીકળેલા ખેડૂતોએ બેરિકેડ તોડીનાખ્યા, પોલીસેટીયર ગેસનાશેલછોડ્યા

ન્યુ દિલ્હી,તા.૬

ખેડૂતોના મરજીવાડા જૂથના ૧૦૧ ખેડૂતોની દિલ્હી કૂચ શરૂ થઈ હતી કૂચને કારણે અંબાલામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી અહીં ૯મી ડિસેમ્બર સુધી ઈન્ટરનેટ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પંજાબની ખનૌરી બોર્ડર પર છેલ્લા ૧૦ મહિનાથી પડાવ નાખીને બેઠેલા ખેડૂતોના એક જૂથે આજે




દિલ્હી તરફ કૂચ કરી હતી. ખનૌરી બોર્ડર પર ભૂખ હડતાળ પર બેઠેલા ખેડૂતોએ દરેક ઘરમાંથી એક વ્યક્તિને આવવાની હાકલ કરી છે. વિવિધ માંગણીઓ માટે વિરોધ કરી રહેલા ખેડૂતોએ શંભુ બોર્ડર પર બેરિકેડ તોડીને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. વિવિધ માંગણીઓ માટે વિરોધ કરી રહેલા ખેડૂતોને શંભુ બોર્ડર પર દિલ્હી તરફ જતા અટકાવવામાં આવ્યા હતા. વિરોધ કરી રહેલા ખેડૂતોએ શંભુ બોર્ડર પર પોલીસે લગાવેલા કાંટાળા તાર તોડી નાખ્યા હતા અને બેરિકેડ હટાવી દીધા હતા. પોલીસે ખેડૂતોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા.

# પીલીભીતમાં લગ્નમાંથી પરત ફરી રહેલી કાર ઝાડ સાથે અથડાયા બાદ ખાડામાં ખાબકી : ૬ના મોત

(એચ.એસ.એલ),પીલીભીત,તા.૬

ઉત્તર પ્રદેશના પીલીભીત જિલ્લામાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. લગ્નની રિસેપ્શન પાર્ટીમાં હાજરી આપવા માટે ઉત્તરાખંડના ખાતિમાથી પીલીભીત આવેલા કન્યા પક્ષના ૧૧ લોકો પરત ફરતી વખતે માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા. રિસેપ્શન પરથી પરત ફરતી વખતે પીલીભીત ટનકપુર હાઈવેના નુરિયા નગર પાસે સ્પીડિંગ



કાર કાબૂ બહાર નીકળી ગઈ અને એક ઝાડ સાથે અથડાઈ અને પછી ખાડામાં પડી. ટક્કર એટલી જોરદાર હતી કે અકસ્માતમાં કારના ટુકડા થઈ ગયા હતા. અકસ્માતમાં ૬ લોકોના મોત થયા હતા, જ્યારે ૫ લોકો ગંભીર રીતે ઘાયલ છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાંથી તેમની હાલત નાજુક હોવાથી તેમને બરેલી હાયર સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા હતા. મૃતકોના મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ માર્ગ અકસ્માતમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

# દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ મતદાર યાદીમાંથી નામ હટાવી રહી છે : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૬

દિલ્હી વિધાનસભાની ચૂંટણીને આડે બહુ દિવસો બાકી નથી, ત્યારે તમામ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરમિયાન, આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે ભાજપ મતદાર યાદીમાંથી નામ હટાવી રહી છે.

અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભાજપે તેના લેટરહેડ પર વોટ કપાત માટે અરજી કરી છે. છેલ્લા એકથી દોઢ મહિનામાં, તેઓએ ૧૧,૦૦૦ લોકોના વોટ કાપવા માટે અરજી કરી છે અને પ્રક્રિયા ચાલી રહી છે. અરજીઓ જણાવે છે કે આ ૧૧,૦૧૮ લોકો કાં તો ટ્રાન્સફર થયા છે અથવા મૃત્યુ પામ્યા છે.

# ઉત્તરભારતમાં ઠંડીએ પોતાનો રંગ દેખાડ્યો કાશ્મીરનું દાલ સરોવર ઠંડુ થવા લાગ્યુ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૬

દિલ્હી-યુપી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ હવે પોતાનો રંગ બતાવવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા બે દિવસથી સતત શીત લહેર ચાલી રહી છે. સૂર્ય હોવા છતાં, પવન ઠંડો રહ્યો છે. હવામાન વિભાગે પર્વતોમાં હિમવર્ષા થવાની સંભાવના વ્યક્ત કરી છે. તે જ સમયે, કાશ્મીરમાં ઠંડીના કારણે દાલ સરોવર ઠંડું થવા લાગ્યું છે. શ્રીનગરમાં લઘુત્તમ



તાપમાન -૨.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હિમાચલના કેટલાક જિલ્લાઓમાં હિમવર્ષા થવાની સંભાવના છે. તે જ સમયે, તમિલનાડુમાં વરસાદની સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં આગામી ૪૮ કલાક સુધી મજબૂત પશ્ચિમી પવનો ચાલુ રહેશે, જેના કારણે તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે. ઠંડા પવનોને કારણે સવાર અને સાંજના સમયે ઠંડીમાં વધારો થયો છે. હવામાનશાસ્ત્રી ડૉ. અતુલ કુમાર સિંઘના જણાવ્યા અનુસાર, પશ્ચિમ દિશામાંથી ઉત્તર-પશ્ચિમ ભારત તરફ આગળ વધતું સક્રિય પશ્ચિમી વિક્ષેપ ૮ અને ૯ ડિસેમ્બરે રાજ્યના હવામાનને અસર કરશે.

# સોરેન સરકારમાં તમામ કેબિનેટ મંત્રીઓ કરોડપતિ, આરજેડીના મંત્રી સૌથી અમીર

(એચ.એસ.એલ),રાંચી,તા.૬

ઝારખંડ મુક્તિ મોરચાના નેતા હેમંત સોરેન ચોથી વખત ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે. તેઓ રાજ્યના ત્રણ વખતના મુખ્યમંત્રી શિબુ સોરેનના પુત્ર છે. મુખ્યમંત્રી હેમંત સોરેન સાહેબગંજ જિલ્લાની બરહેત વિધાનસભા બેઠક પરથી ચૂંટણી જીત્યા છે. હેમંતે બરહેત બેઠક પરથી ભાજપના ગામલીલ હેમબ્રોમને ૩૯,૭૯૧ મતોના માર્જિનથી હરાવ્યા. તેમની પત્ની કલ્પના સોરેન પણ ગાંડેયા વિધાનસભા બેઠક પરથી જીતી હતી. તમામ કેબિનેટ મંત્રીઓ કરોડપતિ છે. મંત્રીઓની સરેરાશ સંપત્તિ ૮.૭૧ કરોડ રૂપિયા છે. આરજેડીની ટિકિટ પર જીતેલા સંજય પ્રસાદ યાદવ કેબિનેટમાં સૌથી અમીર મંત્રી છે. સંજયે પોતાની કુલ સંપત્તિ ૨૯.૫૯ કરોડ રૂપિયા જાહેર કરી છે. મુખ્ય પ્રધાન હેમંત સોરેન કેબિનેટના બીજા સૌથી ધનિક સભ્ય છે. તેમણે ચૂંટણી એફિડેવિટમાં પોતાની કુલ સંપત્તિ ૨૫.૩૩ કરોડ રૂપિયા જાહેર કરી છે.

# મહારાષ્ટ્રમાં ભાજપ ગૃહ અને નાણા ખાતુ પણ પોતાની પાસે રાખે તેવી શકયતા

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

મહારાષ્ટ્રમાં નવી સરકાર બની છે. હવે મંત્રી પદને લઈને મહાયુતિના સાથી પક્ષોમાં ચર્ચા ચાલી રહી છે. દરમિયાન સૂત્રોને ટાંકીને સમાચાર આવ્યા છે કે ફડણવીસના મંત્રાલયની ફોર્મ્યુલા નક્કી થઈ ગઈ છે. ભાજપના ક્વોટામાંથી ૨૦ મંત્રીઓ હોઈ શકે છે. ભાજપ ગૃહ અને નાણા પણ પોતાની પાસે રાખશે. તે જ સમયે, શિવસેના પ્રમુખ એકનાથ શિંદેને ખુશ કરીને ભાજપ અજિત પવારને વધુ મંત્રી પદ આપી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે શિવસેનાના ક્વોટામાંથી ૧૩ અને એનસીપીના ક્વોટામાંથી ૧૦ મંત્રીઓ આવી શકે છે.

મુખ્યમંત્રી પદના શપથ લીધા પછી પ્રેસ કોન્ફરન્સ આપતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે વર્તમાન સરકારમાં ભલે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકેની અમારી ભૂમિકા બદલાઈ ગઈ હોય, પરંતુ અમારી દિશા અને સંકલન એ જ રહેશે. તેમણે કહ્યું કે અમે જે પણ વચનો આપ્યા છે તે પૂરા કરવાનો પ્રયાસ કરીશું. અમારી રાજનીતિ બદલાની નહીં, પરિવર્તનની હશે.

# લખનૌ-આગ્રા એક્સપ્રેસ હાઈવે પર બસ-ટેન્કર વચ્ચે અકસ્માત : ૬ના મોત

આગ્રા,તા.૦૬

આગ્રા તરફ જઈ રહેલી ડબલ ડેકર બસ ડિવાઈડર સાથે અથડાઈને પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૬ના મોત અને ૪૦થી વધુ ઘાયલ થયાના અહેવાલ છે. દુર્ઘટનાની માહિતી મળતાં જ કન્નૌજના એસપી અમિત કુમાર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું, "લખનૌ-આગ્રા એક્સપ્રેસ વે પર બસ અને પાણીના ટેન્કર વચ્ચે અથડામણ થઈ છે. બસ લખનૌથી દિલ્હી



તરફ જઈ રહી હતી. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જેમાં ૬ લોકોના મોત થયા હતા અને આ ઘટનામાં કેટલાય લોકો ઘાયલ થયા છે જેમની સારવાર ચાલી રહી છે.

# દેવેન્દ્ર ફડણવીસ સીએમ બનતાની સાથે જ રાજ ઠાકરેએ મહાયુતિની સરકારને સમર્થન આપ્યુ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૬

દેવેન્દ્ર ફડણવીસે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે એક ભવ્ય સમારોહમાં ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. તેમની સાથે શિવસેનાના એકનાથ શિંદે અને એનસીપીના અજિત પવારે પણ નાયબ મુખ્યમંત્રી (ડેપ્યુટી સીએમ) તરીકે શપથ લીધા હતા. દરમિયાન, એમએનએસ ચીફ રાજ ઠાકરેએ દેવેન્દ્ર ફડણવીસને



અભિનંદન પાઠવ્યા હતા.

રાજ ઠાકરેએ કહ્યું કે અમારી પાર્ટી આગામી ૫ વર્ષ સુધી સરકારની કોઈપણ સારી પહેલને સમર્થન આપશે. પરંતુ જો અમને એવું લાગતું હોય કે સરકાર ભૂલો કરી રહી છે, લોકો તેને હળવાશથી લઈ રહ્યા છે, ભલે તે વિધાનસભામાં શક્ય ન હોય, તો અમે સરકારને તેમની ભૂલો વિશે ચોક્કસપણે જણાવીશું. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના તરફથી મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે, અજિત પવાર અને તેમના તમામ ભાવિ કેબિનેટ સાથીદારોને શુભેચ્છાઓ.

# બાંગ્લાદેશની વિશેષ અદાલતે શેખ હસીનાના ભાષણો પર પ્રતિબંધ મૂક્યો

(એચ.એસ.એલ),ઢાકા,તા.૬

બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસની સરકારનો અત્યાચાર ચાલુ છે. આ દરમિયાન વિશેષ અદાલતે પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના ભાષણો પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ઓગસ્ટમાં દેશમાં ભારે વિરોધ બાદ શેખ હસીનાની હકાલપટ્ટી કરવામાં આવી હતી. પીએમ પદ પરથી રાજીનામું આપ્યા બાદ તેમણે ભારતમાં આશરો લીધો હતો. હસીનાએ



ન્યૂયોર્કમાં તેમની અવામી લીગ પાર્ટીના સમર્થકોને વર્ચ્યુઅલ સંબોધનમાં પોતાનું પ્રથમ જાહેર ભાષણ આપ્યાના એક દિવસ બાદ આ નિર્ણય આવ્યો છે.

# ભારતમાં સ્થિતિ સ્થિર છે તેનું કારણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છે : પુતિન

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૬

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પીએમ મોદીની 'મેક ઈન ઈન્ડિયા' પહેલથી આશ્ચર્યચકિત થઈ ગયા છે. તેમણે આવી અદ્ભુત પહેલ અને નીતિઓ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી છે જેણે ભારતમાં સ્થિર સ્થિતિ ઊભી કરી છે. રાષ્ટ્રપતિએ ભારતમાં રશિયન ઉત્પાદન એકમો સ્થાપવાની પણ ઓફર કરી છે. બુધવારે મોસ્કોમાં



૧૫મા વીટીબી ઈન્વેસ્ટમેન્ટ ફોરમને સંબોધતા પુતિને કહ્યું કે આયાત અવેજી કાર્યક્રમ હેઠળ, રશિયન માર્કેટમાંથી બહાર નીકળી ગયેલી પશ્ચિમી બ્રાન્ડ્સની જગ્યાએ નવી રશિયન બ્રાન્ડ્સ ઉભરી આવી છે. આ પહેલા પણ રશિયાના રાષ્ટ્રપતિએ ઘણી વખત પીએમ મોદીના કામ અને તેમના નેતૃત્વના વખાણ કર્યા હતા. રાષ્ટ્રપતિ પુતિન પીએમ મોદીની દેશ પ્રથમ નીતિથી ખૂબ જ પ્રભાવિત છે. તેમણે કહ્યું કે ભારતમાં આજે જે સ્થિર સ્થિતિ છે તે એટલા માટે છે કારણ કે ભારતીય નેતૃત્વ ભારતને પ્રથમ સ્થાન આપવાની નીતિને અનુસરી રહ્યું છે અને અમે માનીએ છીએ કે ભારતમાં રોકાણ નફાકારક છે." પુતિને ભારતમાં રશિયન ઉત્પાદન એકમ સ્થાપવાની ઓફર કરી કહ્યું, "અમે ભારતમાં અમારી મેન્યુફેક્ચરિંગ કામગીરી શરૂ કરવા માટે પણ તૈયાર છીએ. રોઝનેફ્ટે તાજેતરમાં ભારતમાં યુએસ $૨૦ બિલિયનનું સૌથી મોટું રોકાણ કર્યું છે."

# મહારાષ્ટ્ર વિધાનસભાનું વિશેષ સત્ર આજથી શરૂ, પ્રોટેમ સ્પીકરે શપથ લીધા


મુંબઈ,તા.૬

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં પ્રચંડ બહુમતી મેળવ્યા બાદ મહાયુતિ ગઠબંધને સરકાર બનાવી છે. દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી બન્યા છે. સાથે જ એકનાથ શિંદે અને અજિત પવારને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ભાજપના સૌથી વરિષ્ઠ ધારાસભ્ય કાલિદાસ કોલંબકરને પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવ્યા છે. તેમણે શુક્રવારે બપોરે ૧ વાગ્યે રાજભવનમાં પ્રોટેમ સ્પીકર તરીકે શપથ લીધા હતા. મહારાષ્ટ્ર વિધાનસભાનું વિશેષ સત્ર શનિવાર (૭ ડિસેમ્બર) થી શરૂ થશે અને ૯ ડિસેમ્બર સુધી ચાલશે. પ્રોટેમ સ્પીકર કાલિદાસ કોલંબકર અન્ય નવા ચૂંટાયેલા ધારાસભ્યોને શપથ લેવડાવશે. ૯ ડિસેમ્બરે વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી થશે અને બહુમતી સાબિત થશે.

# ઈઝરાયેલે ગાઝા પર કરેલા ભીષણ હુમલામાં ૨૧ લોકોના મોત નિપજ્યા

ગાઝા,તા.૬

હમાસના વડા ઈસ્માઈલ હનિયા અને યાહ્યા સિનવાર સહિત સેંકડો ટોચના કમાન્ડરોના મૃત્યુ પછી પણ ગાઝા પર ઈઝરાયેલના હુમલા ચાલુ છે. દક્ષિણ ગાઝામાં વિસ્થાપિત પેલેસ્ટિનિયનો માટેના કેમ્પમાં રહેતા ઓછામાં ઓછા ૨૧ લોકો છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. ઈઝરાયેલી સૈન્યએ કહ્યું કે



તેણે આ વિસ્તારમાં "આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા" ટોચના હમાસ આતંકવાદીઓને નિશાન બનાવ્યા છે. જો કે, ઈઝરાયેલી સૈન્યએ કોઈ વધારાની માહિતી આપી ન હતી અને કહ્યું હતું કે તેણે આ હુમલામાં કોઈ નાગરિકની જાનહાનિ ન થાય તેની ખાતરી કરવા માટે અત્યંત કાળજી લીધી હતી.

મુવાસી ટેન્ટ કેમ્પ પર થયેલો હુમલો ગાઝા પટ્ટીમાં થયેલા અનેક ઘાતક હુમલાઓમાંનો એક હતો. પેલેસ્ટિનિયન ડોકટરોના જણાવ્યા અનુસાર મધ્ય ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ચાર બાળકો સહિત ઓછામાં ઓછા ૧૦ થી વધુ લોકો માર્યા ગયા છે.

# એડિલેડ ટેસ્ટમાં ભારત ૧૮૦રનમાં ઓલઆઉટ, ઓસ્ટ્રેલિયા ૮૬/૧

એડિલેડ,તા.૦૬

એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટના પહેલા દિવસે ઓસ્ટ્રેલિયા મજબૂત સ્થિતિમાં પહોંચી ગયું છે. શુક્રવારે ભારતે ટૉસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું, પરંતુ ટીમ ૧૮૦ રન જ બનાવી શકી હતી. દિવસની રમતના અંતે ઓસ્ટ્રેલિયાએ એક વિકેટ ગુમાવીને ૮૬ રન બનાવી લીધા હતા અને ટીમ ૯૪ રનથી પાછળ છે. દિવસના અંતે ઓસ્ટ્રેલિયા તરફથી નાથન




મેકસ્વીની ૩૮ રન બનાવીને અને માર્નસ લાબુશેન ૨૦ રન સાથે પરત ફર્યા હતા. ભારત તરફથી એકમાત્ર વિકેટ જસપ્રીત બુમરાહે લીધી, તેણે ઉસ્માન ખ્વાજા (૧૩ રન)ને કેચ આઉટ કરાવ્યો હતો.

ભારતે મેચના પહેલા જ બોલ પર યશસ્વી જયસ્વાલની વિકેટ ગુમાવી દીધી હતી. શુભમન ગિલે (૩૧ રન) અને કેએલ રાહુલે (૩૭ રન) બનાવીને ઈનિંગની કમાન સંભાળી હતી. બંને આઉટ થતાં જ ટીમે વિકેટ ગુમાવવાની શરૂ કરી દીધી હતી. વિરાટ કોહલી માત્ર ૭ રન અને રોહિત શર્મા માત્ર ૩ રન બનાવી શક્યા. રવિ અશ્વિને ૨૨ અને રિષભ પંતે ૨૧ રન બનાવ્યા હતા. નીતિશ કુમાર રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રન બનાવીને ટીમને ૧૮૦ના સ્કોર સુધી પહોંચાડી હતી.

## હત્યા કર્યા બાદ આરોપી સ્મશાનયાત્રામાં પણ ગયો હતો, પોલીસે આરોપીને વૃધ્ધાના ઘરેથી દબોચ્યો

# અમરેલીના જશવંતગઢ ગામે જમાઈએ સાસુની હત્યા કરી હોવાનું ખુલ્યુ

**મયુર પંડયા**

અમરેલી,તા.૦૬





આરોપી



અમરેલી તાલુકાના જસવંતગઢ ગામે થોડા દિવસ પહેલા ભરબપોરે વિપ્ર વૃધ્ધાને તેના ઘરમાં જ ગળા પર તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નિપજાવવામાં આવી હતી. વૃધ્ધાની હત્યા થતા અમરેલી જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આરોપીને પકડવા પોલીસે ૧૪ ટીમ બનાવી હતી જો કે ૧૦ દિવસ બાદ હત્યાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. હત્યા વૃધ્ધાના જમાઈએ કરી હોવાનું ખુલતા ચકચાર મચી જવા પામી છે. અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે રહેતા ભાનુશંકર ભીમજીભાઈ તેરૈયાના પત્ની તા. ૨૮ના રોજ બપોરે ઘરે એકલા હતા ત્યારે ઘરમાં ઘૂસી વૃધ્ધાના ગળા પર તિક્ષ્ણ હથિયારના ઘા મારી નિર્મમ હત્યા નિપજાવવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને વૃધ્ધાની હત્યા શા માટે કરવામાં આવી તેની તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ગામમાં આવેલા તમામ સીસીટીવી ફુટેજ તપાસ્યા હતા પરંતુ કોઈ કડી મળતી નહોતી. જો કે ૧૦ દિવસની તપાસના અંતે પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. આરોપીને ઝડપી લીધા બાદ પોલીસ તપાસમાં ખુલ્યુ હતું કે, વૃધ્ધાની નિર્મમ હત્યા કરનારો બીજો કોઈ નહી પરંતુ તેનો જ જમાઈ હોવાનું ખુલતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. આરોપીએ પોતાનું નામ નયન તુલજાશંકર જોષી રહે. બાવાના જાંબુડા તા. વિસાવદર જણાવ્યું હતું. વૃધ્ધાની હત્યા શા માટે કરવામાં આવી તે અંગે પોલીસે વધુ પૂછપરછ કરતા આરોપીએ જણાવ્યું હતુ કે પોતાની પત્ની સાથે વારંવાર ઘરકંકાસ થતો હતો. પત્ની છાશવારે રિસામણે પોતાના પિયર જતી રહેતી હતી. જેથી પોતાની પત્નીને તેની માતા ચડામણી કરતી હોવાની શંકા રાખી સાસુની હત્યા કરવા માટે નીકળ્યો હતો અને બપોરે ઘરે કોઈ નહી હોય તેની જાણકારી હોવાથી ધારીયાના ગળા પર ઘા મારી સાસુ પ્રભાબેનની હત્યા નિપજાવી નાસી છુટ્યો હતો. આમ, વૃધ્ધાની હત્યા તેમના જ જમાઈએ કરી હોવાનું ખુલતા ચકચાર મચી જવા પામી છે.

**પોતાની પત્નીને સાસુ ચડામણી કરતા હોવાની શંકા હતી તેથી ધારીયાના ઘા મારી ઘાતકી હત્યા કરી**

### હત્યા માટે આરોપી ટોપી, સ્કાર્ફ પહેરી આવ્યો હતો

હત્યા અંગે જિલ્લા પોલીસ વડા હિમકરસિંહે જણાવ્યું હતું કે, વૃધ્ધાની હત્યા બાદ પોલીસે ગામના સીસીટીવી ફંફોળ્યા હતા જેમાં એક શંકાસ્પદ યુવક હીરો હોન્ડા મોટર સાયકલ પર જતો દેખાયો હતો. ત્યારબાદ પોલીસે જસવંતગઢ ગામથી ૭ કિ.મી. દૂર આવેલા રાંઢીયા ગામે સીસીટીવીમાં દેખાતા પોલીસ ચોંકી ઉઠી હતી અને આ ઈસમે જ હત્યા કરી હોવાની ખાતરી થઈ હતી. જો કે સીસીટીવીમાં આરોપીનો ચહેરો સ્પષ્ટ નહી દેખાતા પોલીસે બાઈક નંબર મેળવી તપાસ કરી હતી. આરોપીએ હત્યા સમયે ટોપી અને સ્કાર્ફ પહેરી હત્યાને અંજામ આપ્યો હતો.

### ૧૧ વર્ષના લગ્નજીવનનો ઘરકંકાસ વૃધ્ધાના મોતનું કારણ

અમરેલીના જસવંતગઢ ગામના પ્રભાબેન ભાનુશંકર તેરૈયાની દીકરીના લગ્ન ૧૧ વર્ષ પહેલા બાવાના જાબુંડા ગામે નયન તુલજાશંકર જોષી સાથે કરવામાં આવ્યા હતા. ૧૧ વર્ષના લગ્નજીવનમાં પતિ-પત્ની વચ્ચે વારંવાર ઘરકંકાસ થતો હતો અને નયનની પત્ની વારંવાર તેની માતાને ત્યાં રિસામણે આવતી હતી જેથી આ ઘરકંકાસમાં આરોપીને એવુ લાગતુ હતું કે, પોતાના સાસુ તેની દીકરીને ચડામણી કરે છે અને જેના કારણે વારંવાર ઘરકંકાસ થાય છે. આમ, લગ્નજીવનનો ઘરકંકાસ વૃધ્ધાના મોતનું કારણ બન્યો હતો.

### હત્યાનો ભેદ ઉકેલવા ૧૪ ટીમમાં ૨૦૦ પોલીસ કર્મીઓ જોડાયા

જસવંતગઢ ગામે થયેલી હત્યાનો ભેદ ઉકેલવા જિલ્લા પોલીસ વડાએ પોલીસની ૧૪ ટીમ બનાવી હતી. આ ટીમમાં કુલ ૨૦૦ પોલીસકર્મીઓ હતા. પોલીસની ટીમ સીસીટીવી તપાસવા, મોબાઈલ લોકેશન તપાસવા, આસપાસના મજૂરોની પૂછપરછ કરવી સહિતની કામગીરી કરતી હતી. આખરે ૮ દિવસની મહેનત બાદ આરોપીને ઝડપવામાં પોલીસને સફળતા મળી હતી.

### ધારીયા વડે ધડથી માથુ કાપી નાખવાનો પ્રયાસ

જસવંતગઢ ગામે રહેતા પ્રભાબેન નામની વૃધ્ધાની જે રીતે હત્યા કરી દેવામાં આવી હતી એ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. એસ.પી. હિમકરસિંહે આ અંગે જણાવ્યું હતું કે, આરોપી ધારીયુ લઈને જ સાથે આવ્યો હતો અને પ્રથમ પાછળથી ગળા પર જોરદાર ઘા માર્યો હતો અને પછી આગળથી ચારથી પાંચ ઘા માર્યા હતા. આરોપીને એટલું ખુન્નસ હતું કે, કોઈપણ સંજોગોમાં વૃધ્ધા બચવી જોઈએ નહી અને ધડથી માથુ કપાઈ જાય તેટલા જોરથી ધારીયાના ઘા માર્યા હતા.

### આરોપીના ઘરેથી ધારીયુ અને કપડાં કબજે કરાયા

જસવંતગઢ ગામે વૃધ્ધાની હત્યા કર્યા બાદ આરોપી નયન જોષી તેના ઘર બાવાના જાંબુડા ગામે ગયો હતો જેથી પોલીસે તેના ઘરની તલાસી લેતા ઘરમાંથી પોલીસે લોહીવાળુ જેકેટ અને સ્કાર્ફ કબજે કર્યા બાદ આરોપીએ જે ધારીયાથી હત્યા કરી તે ધારીયુ પણ પોલીસે કબજે કર્યુ હતું.

### જમાઈ હોવાથી ઘરમાં આરામથી પ્રવેશ કર્યો

જસવંતગઢ ગામે આરોપી નયન જોષીએ જમાઈ હોવાના સંબંધે આરામથી ઘરમાં પ્રવેશ કર્યો હતો. જો કે આરોપીએ કોઈપણ બોલાચાલી વગર સીધા જ તેમના સાસુ પ્રભાબેનના ગળા પર ધારીયાના ઘા મારી દેતા પ્રભાબેન ઓસરીમાં જ ફસડાઈ પડ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન પણ આરોપીએ આરામથી ઘરમાં પ્રવેશ કર્યો હોય તેવુ લાગ્યું હતું. જેથી પોલીસને શંકા ગઈ હતી કોઈ જાણીતી વ્યક્તિએ જ ઘરમાં પ્રવેશ કર્યો છે.

### કુંકાવાવ નજીક આવેલી ગૌશાળામાં ધારીયાને સાફ કર્યુ

આરોપી નયન જોષીએ પોતાના સાસુ પ્રભાબેનની હત્યા કર્યા પછી આરામથી જસવંતગઢ ગામેથી નીકળી રાંઢીયા થઈ કુંકાવાવ નજીક આવેલી ગૌશાળા પાસે પહોંચ્યો હતો. ગૌશાળા નજીક આવેલા અવેડામાં ધારીયાને પાણીથી સાફ કરી પોતાના ગામ બાવાના જાબુંડા ગયો હતો અને ત્યાં તેની પત્ની સાથે જાણે કંઈ જ બન્યુ ન હોય તેમ શાંતિથી વાત કરી હતી અને સાસુની હત્યા કર્યા બાદ તેમના પરિવારજનો સાથે પણ સતત સંપર્કમાં હતો.

### આરોપી હત્યા કર્યા બાદ સ્મશાનયાત્રામાં પણ હાજર રહ્યો

બપોરના સમયે પોતાની જ સાસુ પ્રભાબેનની હત્યા કર્યા બાદ આરોપીને લેશમાત્ર અફસોસ ન હોય તેમ ધારીયુ સાફ કરી આરોપી પોતાના ઘરે પહોચ્યો હતો અને પોતાની પત્ની સાથે જાણે કંઈ જ બન્યુ ન હોય તેમ સામાન્ય વાત કરી હતી. સાસુની હત્યા થઈ હોવાનું જાણવા મળતા આરોપી પોતાની પત્ની સાથે જસવંતગઢ ગામે પહોંચી અને સ્મશાનયાત્રામાં પણ જોડાયો હતો.

### બાઈકને આધારે આરોપીને બેસણામાંથી ઝડપી લેવાયો

અમરેલી જિલ્લા પોલીસે સીસીટીવી કેમેરામાં દેખાયેલી બાઈકના આધારે તપાસ તેજ કરી હતી. આ બાઈક ગુરૂવારે મૃતક વૃધ્ધાના ઘર સામે જોવા મળતા પોલીસ ચોંકી ગઈ હતી અને આ બાઈક કોની છે તેની તપાસ કરતા આ બાઈક મૃતક વૃધ્ધાના જમાઈ નયન તુલજાશંકર જોષીની હોવાનું ખુલતા જ પોલીસે નયનને ઉપાડી લીધો હતો અને અમરેલી પોલીસ સ્ટેશન લાવી પૂછપરછ કરતા આરોપી નયને જ પોતાની સાસુની હત્યા કરી હોવાની કબુલાત આપી હતી.

### આરોપીને ખેતીવાડીનો વ્યવસાય

આરોપી નયન બાવાના જાંબુડા ગામે રહેતો હતો. જો કે તેનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ સામે આવ્યો નથી. ખેતીવાડીના વ્યવસાય સાથે સંકળાયેલા આરોપીએ શેરડીને કાપવા માટે વપરાતા ધારીયાનો હત્યા કરવામાં ઉપયોગ કર્યો હતો.

















